જૂની ગુજરાતીભાષા અને જૈનસાહિત્ય.

મણિલાલ બકોરભાઈ વ્યાસ.

કીંમત ચાર આના.

જૂની ગુજરાતીભાષા.

અને

જૈનસાહિત્ય.

લેખક અને પ્રસિદ્ધકર્તા.

મણિલાલ બકોરભાઇ વ્યાસ.

સોની ફળીયા–સુરત.

સુરત ખપાટીઆ ચકલા પર આવેલા ખુ. અ. ના "સુરત જૈન પ્રિન્ટિંગ પ્રેસ"માં મટુભાઈ ભાઈદાસે છાપ્યું.

પ્રતિ ૫૦૦ — સંવત્ ૧૯૯૦

નિવેદન.

વિમલ પ્રબંધના ઉપોદ્ઘાત તરીકે લખેલો આ નિબંધ છૂટો પ્રસિદ્ધ કરવો ઉપયોગી થશે એમ જાણીને થોડી નકલો છૂટી પ્રસિદ્ધ કરી છે. નિબંધ બને તેટલો ટુંકો કરવા માટે પ્રાકૃતભાષાના નમુના આપ્યા નથી અને જૂની ગુજરાતીભાષાના નમુના પણ બહુ ઓછા અને ઘણા ટુંકા લીધા છે.

લેખક.

ઉપોદ્ઘાત.

વિમલપ્રબંધ સંવત્ ૧૫૬૮ માં પાટણના જૈન મુનિ **લાવણ્ય-સમય** ગણિએ રચ્યો છે અને તેની સંવત્ ૧૫૮૪ માં લખાયેલી પ્રતિ પ્રમાણે અક્ષરશઃ તે પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે; એટલે સોળમા શતકની ભાષાના નમુના તરીકે સાહિત્યમાં આ પુસ્તકનું સ્થાન છે. સોળમા શતકની ભાષા જૂની ગુજરાતીભાષા છે. આ ભાષાના સ્વરૂપથી ગુજરાતના સામાન્ય વાચકો કેવળ અજાણ છે, તેમ પ્રતિષ્ઠિત લેખકો સુદ્ધાં એને એના ખરા સ્વરૂપમાં ઓળખાતા નથી. करइ, धरइ કે करि, धरि જોતાની સાથે કાં તો એમ પૂછવામાં આવે છે કે આ કઇ ભાષા છે, અથવા એમ કહી દેવામાં આવે છે કે આ તો જૈન-માગધી ભાષા છે. પરિસ્થિતિ આવી હોવાને લીધે **જૂની ગુજરાતી** સંબંધી ખુલાસો કરવાનો પ્રસંગ પ્રાપ્ત થાય છે.

ખુલાસાની ભૂમિકા તરીકે ગુજરાતીભાષાના ઇતિહાસપર જરા નજર ફેરવી જવી જોઇએ.

છેક અજ્ઞાન લોકો સિવાય બીજું કોઈ એમ ધારે નહિ કે આપણે હાલ બોલીએ છીએ તે ભાષા અનાદિ કાળથી આવા ને આવાજ રૂપમાં ચાલતી રહેલી હોવી જોઇએ. વ્યુત્પત્તિ શીખતા વિદ્યાર્થીઓ જાણે છે કે ગુજરાતીભાષા અપભ્રંશભાષામાંથી ઉત્પન્ન થઇ છે, અપભ્રંશભાષા પ્રાકૃતભાષામાંથી ઉત્પન્ન થઇ છે, અને પ્રાકૃતભાષા સંસ્કૃતભાષામાંથી ઉત્પન્ન થઇ છે. સંસ્કૃત અને ગુજરાતી વચ્ચે ભાષાના બીજા બે અવતાર હોવાનું શિક્ષકોના જાણવામાં હોય છે, પણ એ અવતારોનું સ્વરૂપ તેમના અંતઃકરણપર પ્રતિબિંબિત

થયેલું ન હોવાથી વ્યુત્પત્તિ કરવાના પ્રસંગે તેઓ ગુજરાતી ઉપરથી બારોબાર સંસ્કૃતને પકડવા જાય છે અને એમ કરતાં હાથમાં ન આવે તે જતું કરીને ચલાવી લેવામાં આવે છે.

ભાષા એ પ્રજાજીવનનાં ચાર અંગોમાંનું એક અંગ હોવાથી પ્રજાના સામાજીક ઇતિહાસના જેવું ભાષાના ઇતિહાસનું પણ મહત્ત્વ છે. ભાષાનો ઇતિહાસ વિખૂટા પડેલા લોકો વચ્ચેના સંબંધ પર પ્રકાશ પાડે છે, મૂળ પ્રજામાં પાછળથી ભેળાયેલા લોકો વિષે માહિતી આપે છે, પ્રજાના આચારવિચાર, ધંધાઉદ્યોગ, ધર્મભાવના, સુધારણા અને મનોવૃત્તિઓનું વલણ ભાષાના ઇતિહાસ ઉપરથી પરખાય છે. ભાષાનો ઇતિહાસ પ્રજા જીવનની અનેક ગુંચો ઉકેલવામાં સહાયભૂત થઈ પડે છે. ધર્મગ્રંથોમાં સચવાઇ રહેલી વૈદિક અને સંસ્કૃતભાષા જેમ આર્યધર્મ અને આર્યપ્રજાના પ્રાચીન ઐક્ય ઉપર પ્રકાશ પાડે છે, તેમ મધ્યકાલીન પ્રાકૃતભાષા જુદા જુદા પ્રાન્તોના પરસ્પર સંબંધપર પ્રકાશ પાડે છે.

દ્રાવિડીઅન ભાષાઓ બાદ કરતાં ભરતખંડની સર્વ પ્રાન્તિક ભાષાઓનો ઇતિહાસ વૈદિકભાષાથી શરૂ થાય છે. વૈદિકકાળમાંજ **य** અને **ष** જેવા વર્ણોનો ઉચ્ચાર જુદા જુદા સ્થાનમાં વસતા ઋષિઓ જુદો જુદો કરતા હતા. વૈદિકભાષામાં ઉચ્ચારભેદની વિકૃતિ આ કાળથીજ શરૂ થઇ હતી. આર્યપ્રજાનો ફેલાવો થતો ગયો અને અનાર્ય લોકો સાથે તેમનો સંસર્ગ વધતો ગયો, તેમ તેમ તેમની ભાષા વધારે વધારે વિકૃત થતી ગઇ. વિક્રમસંવત્ પૂર્વે આઠમા નવમા સૈકામાં થયેલા પાણિનિ મુનિએ **अष्टाध्यायी** વ્યાકરણ રચ્યું, તેનો હેતુ એ પણ હતો કે ઉચ્ચારભેદથી ભાષાને બગડતી અટકાવી. આ ઉચ્ચાર-ભેદ અને વિક્રમસંવત્ પહેલાં પાંચશે વર્ષ ઉપર **પાલિભાષામાં**

સંગ્રહાયેલા બુદ્ધ ધર્મના ગ્રંથો એ જોતાં પ્રાકૃતભાષાનો ઇતિહાસ ૨૫૦૦થી ૩૦૦૦ વર્ષ જેટલો લાંબો થાય છે.

અપભ્રષ્ટ થયેલી વૈદિકભાષા વધારે બગડતી અટકાવવા પાણિનિ મુનિએ નિયમબદ્ધ કરી સુધારી, તે સંસ્કાર પામેલી–સંસ્કૃત ભાષા કહેવાઇ. આ ભાષા પંડિતોની અને પુસ્તકોની ભાષા થઇ. લોકભાષા તરીકે તો અપભ્રષ્ટ થયેલી વૈદિકભાષા ચાલતી હતી તેજ બોલી ચાલતી રહી. વખત જતો ગયો તેમ તેમ પ્રાન્તોની સ્થિતિરીતિની ભિન્નતાને લીધે જુદા જુદા પ્રાન્તની ભાષા જુદું જુદું વલણુ લેતી ગઈ અને તે જે પ્રાન્ત કે પ્રજાના નામ પ્રમાણે જુદા જુદા નામે ઓળખાતી થઇ.

સંસ્કૃતભાષા પુસ્તકોની ભાષા થઇ રહી તે કાળ અને હાલની ગુજરાતીભાષા લોકભાષા તરીકે ચાલતી થઇ એ કાળ વચ્ચે લગભગ અઢીહજાર વર્ષ જેટલું અંતર મૂકવું પડે. આ અઢીહજાર વર્ષ જેટલા લાંબા કાળની ભાષાના ઇતિહાસથી આપણે અજાણ્યા રહીએ, તો તે અજ્ઞાન જેવુંતેવું ગણાય નહિ. આપણી હાલની સ્થિતિનો અને હાલની આપણી ભાવનાઓનો લાંબો ઇતિહાસ એ કાળની ભાષામાં સમાયેલો છે. મોટાં મોટાં રાજકીય પરિવર્તનો, મોટાં મોટાં સામાજીક પરિવર્તનો અને મોટાં મોટાં ધાર્મિક પરિવર્તનો એ કાળમાં થયાં છે. આપણા પૂર્વજોની પ્રાચીન રીતભાતો, વિચાર, મતો અને અનુભવોની છાપ એ ભાષાના શબ્દોપર છપાઇ રહી છે. જો કે એ કાળે ગ્રંથ રચના સંસ્કૃતમાં થતી હતી, તો પણ પ્રાકૃતભાષા કંઇ છેક સાહિત્ય વગરની નહોતી. પ્રાકૃત બોલનારા આપણા પૂર્વજોમાં જ્ઞાન અને અનુભવની ઉર્મિઓ ઉભરાઇ ન હોય કે ઝીલાઇ ન હોય એ બનવાજોગજ નથી. ચંડનું 'પ્રાકૃતલક્ષણ'

વરરુચિનો " **પ્રાકૃતપ્રકાશ** ", માર્કંડેયનું " **પ્રાકૃત સર્વસ્વ** " વરદરાજની '**પ્રાકૃતસંજીવિની**' આ બધાં પ્રાકૃત વ્યાકરણો અને પ્રાકૃત *પીંગળનાં નામ જોતાં આપણે ખાત્રીથી કહી શકીએ કે એ કાળની લોકભાષામાં લૈકિકસાહિત્ય હોવું જોઇએ. મહારાષ્ટ્રી પ્રાકૃતનું '**ગાથા સપ્તશતી**' કાવ્ય પ્રસિદ્ધ થયું છે. દંડી કવિના કહેવાથી આપણે જાણીએ છીએ કે "સેતુબંધ" અથવા '**દશમુખવધ**' કાવ્ય મહારાષ્ટ્રી પ્રાકૃતમાં છે. 'મહાપુરૂષ પ્રબંધ' માં પ્રાકૃત ભાષાના '**વજ્જાલય મહાકાવ્ય**' નું નામ આવે છે; આ મહારાષ્ટ્રી પ્રાકૃતની પેઠે બીજી પ્રાન્તિક પ્રાકૃતભાષાએનું સાહિત્ય પણ અવશ્ય હોવું જોઇએ. દક્ષિણના કરતાં ઉત્તરભારતને રાજકીય ઉથલપાથલ વધારે સહન કરવી પડી છે, એવા કાળમાં નિરુપયોગી લાગતા સાહિત્યને સાચવી રાખવાની કોઇએ કાળજી કરી ન હોય એ સ્વાભાવિક છે, છતાં હજુ પણ જો કાળજી રાખવામાં આવે તો તેમાંનો કંઇક અવશેષ હાથ લાગવાનો સંભવ છે. જૈનો પાસે એ ભાષાના સાહિત્યનો બહોળો સંગ્રહ છે અને ભાષાના ઐતિહાસિક સ્વરૂપ તરીકે તે ઘણો ઉપયોગી થઇ શકે તેવો છે, પણ "આ તો જૈનભાષા છે" એમ કહીને આપણે તેના તરફ દુર્લક્ષ કરીએ છીએ. ઇતિહાસના પ્રકાશને અભાવે જૈનગ્રંથોની ભાષા સાથે આપણી ભાષાનો સંબંધ કેવા પ્રકારનો છે તે આપણે જાણતા નથી, '**જૈનભાષા**' તરીકે આપણે તેને ઓળખીએ છીએ અને તેનાથી દૂર રહીએ છીએ.

મૃતભાષાનું સ્વરૂપ તે ભાષાના કાળે રચાયલા સાહિત્યમાં જોઇ શકાય. મને લાગે છે કે બ્રાહ્મણવર્ગના લોકો

*'માત્રા પીંગળ' નામના પ્રાકૃત પીંગળની તૂટક પ્રતિ મારી પાસે છે.

સંસ્કૃતમાં ગ્રંથ રચના કરતા હતા તે કાળે પણ વાર્તાઓ અને નાટકો જેવા લૌકિક સાહિત્યને તો પ્રાકૃતનોજ આશ્રય લેવો પડતો હોવો જોઇએ. પ્રાકૃત કથાઓ અને પ્રાકૃત નાટકો કાળના પ્રવાહમાંથી બચીને આપણા વખત સુધી જીવતાં રહેવા પામ્યાં નથી; પણ તેના તૂટક તૂટક કકડા*મળી આવે છે અને કાલિદાસ જેવા મહાકવિનાં નાટકોમાં પણ પ્રાકૃતને સ્થાન મળ્યું છે, એ જોતાં લૌકિકસાહિત્ય પ્રાકૃતમાં રચાતું હતું એમ અનુમાન કરવાને સબળ કારણ મળે છે.

બૌદ્ધ અને જૈન ધર્મના પ્રવર્તકો પ્રાકૃતભાષાના કાળે થયા અને તેમણે પોતાના સિદ્ધાંત લોકભાષામાં પ્રસિદ્ધ કરવાનો આગ્રહ રાખ્યો, એથી એમના ગ્રંથો પ્રાકૃતભાષામાં સંગ્રહાયા. આર્યપ્રજા એ કાળે આખા ભરતખંડમાં પ્રસરી હતી, તો પણ તેમની વિશેષ વસ્તી ઉત્તરભારતમાં હતી. સ્થાનભેદથી એમની ભાષામાં જુદા જુદા ભેદ પડયા હતા અને તે દરેક ભેદ જુદી ભાષા તરીકે ઓળખાતો હતો. મથુરાની આસપાસની ભાષા **શૂરશેની** કહેવાતી, મગધદેશમાં બોલાતી તે **માગધી** કહેવાતી, આસામ અને નેપાળ તરફની ભાષા **પૈચાચી**ભાષા કહેવાતી, એમ જુદા જુદા સ્થળની ભાષા જુદું જુદું રૂપ અને જુદું જુદું નામ પામી હતી, છતાં તે બધી ભાષાઓ મૂળરૂપે એક હતી. ગુજરાતી-ભાષામાં સુરતીબોલી અને કાઠિયાવાડીબોલી વચ્ચે જેમ થોડાએક શબ્દો અને થોડાંએક રૂપોનો ભેદ હોવા છતાં તે જુદી જુદી ભાષાઓ નહિ પણ એકજ ભાષાના પેટાના પ્રાન્તિક પેટાભેદ છે, તેમ એ કાળની જુદા જુદા પ્રાન્તોની ભાષા થોડાએક શબ્દો અને થોડાંએક રૂપોમાં

---

*'માધવા નળની કથા' એ પ્રાકૃત સંસ્કૃત વાર્તાનાં થોડાંએક પાનાં મને મળ્યાં છે, તેમજ કાશીના કોઈ પંડિતકૃત 'કૃષ્ણ ચરિત્ર' નાટકના ટુકડા મેં જોયા હતા (ઘણું કરીને તે મારી પાસે છે) તે બધા પ્રાકૃતમાં હતા.

જુદી પડતી હોવા છતાં ભાષા તરીકે એક ભાષા હતી ને બધી ભાષાઓ **પ્રાકૃતભાષા** એ એકજ ભાષાના નામે ઓળખાતી હતી. જૂનામાંજૂનું અને પ્રતિષ્ઠા પામેલું મગધના પંડિત વરરૂચિકૃત '**प्राकृतप्रकाश**' નામનું પ્રાકૃતભાષાનું વ્યાકરણ છે, એ વ્યાકરણ વડે જેમ જૈન સૂત્રો સમજી શકાય છે, તેમ પેંઠણના રાજા શાતવાહને રચેલું '**गाथा सप्तशती**' મહારાષ્ટ્રીપ્રાકૃતમાં છે, તે પણ સમજી શકાય છે. હેમચંદ્રાચાર્યે પ્રાકૃતભાષાનું વ્યાકરણ રચ્યું છે, તેમાં પ્રાકૃતભાષાના નિયમો સમજાવવા ૯૨૯ સૂત્ર આપ્યાં છે. સર્વ પ્રાકૃતભાષાને લાગુ પડતાં એ સૂત્રો પછી શૂરસેનીભાષા માટે ૨૭ સૂત્રો, માગધી ભાષા માટે ૧૬ સૂત્રો, પૈશાચિકભાષા માટે ૨૨ સૂત્રો, ચૂલિકાપૈશાચી માટે ૫ સૂત્રો અને અપભ્રંશભાષા માટે ૧૨૧ સૂત્રો આપીને એટલા અંશમાં એ ભાષાઓ એક બીજાથી જુદી પડતી છે એમ બતાવ્યું છે. આ સૂત્ર સંખ્યા ઉપરથી જોઈ શકાય કે પ્રાકૃત નામે ઓળખાતી ભાષા કેટલી વ્યાપક હતી અને પ્રાન્તિક ભાષાભેદ કેટલો નજીવો હતો.

પ્રસિદ્ધવૈયાકરણ હેમચંદ્રાચાર્ય કહે છે કે જૈનસૂત્રો અર્ધ માગધીમાં છે. આપણે અનુમાન કરી શકીએ કે અર્ધમાગધી તે બીજી કોઇ નહિ પણ ગુજરાતની તે કાળની લોકભાષા હોવી જોઇએ. અર્ધમાગધી શબ્દનો ભાવાર્થ એટલોજ હોઇ શકે કે કંઇક શબ્દો માગધી છે અને કંઇક બીજા પ્રકારના છે, અથવા એમ પણ હોઇ શકે કે તે માગધીભાષા સાથે મળતી છે પણ માગધીભાષા નથી. પાછળ કહેવામાં આવ્યું તેમ એ કાળની સર્વ ભાષાઓ એક ભાષા જેવી હતી, સર્વ સગી બહેનો હતી અને સર્વનો સંસ્કૃત સાથે સીધો સંબંધ હતો, એટલે માગધી સાથે જેમ ગુજરાતીપ્રાકૃત મળતી છે તેમ મહારાષ્ટ્રી પ્રાકૃત પણ

મળતી છે અને પ્રાકૃતના પેટાની બીજી બધી ભાષાઓ પણ મળતી છે.*

જૈન ગ્રંથોમાં જણાવવા પ્રમાણે સંવત્ ૫૧૦ માં વલ્લભીપુરમાં મળેલી જૈનપરિષદે જૈનગ્રંથો પુસ્તકારૂઢ[1] કર્યા. સમર્થ ભાષાશાસ્ત્રી પ્રોફેસર વેબર કહે છે કે જૈનસૂત્રો આ વખતે સ્થાનિક[2]ભાષાનું રૂપ પામ્યાં. મહાવીર સ્વામીની જન્મભૂમિ મગધમાં હતી પણ એમણે જે ઉપદેશ આપ્યો હતો તે સૂત્ર રૂપે આપ્યો નહોતો. વાર્તા રૂપે એમણે કરેલો ઉપદેશ એમના ગણધરોએ સૂત્ર રૂપે ગુંથ્યો હતો. એમ માનવામાં આવે છે કે મગધમાં મળેલી પહેલી જૈનપરિષદે માગધી ભાષામાં સૂત્રસંગ્રહ કર્યો હતો. પ્રો. વેબર કહે છે કે વલ્લભીપુર પરિષદે એ સૂત્રોને સ્થાનિકભાષાનું રૂપ આપ્યું. પોતાના સિદ્ધાંત અભણ લોકો, સ્ત્રીઓ અને બાળકો સુદ્ધાં સર્વ સમજી શકે એવી ભાષામાં ધર્મોપદેશ થવો જોઇએ, એવો બૌદ્ધ અને જૈનધર્મપ્રવર્તકોનો ખાસ આગ્રહ હતો. એ આગ્રહને અનુસરીને વલ્લભીપુરની પરિષદે જૈનગ્રંથોને સ્થાનિકભાષાનું રૂપ આપ્યું હોય એ બનવાજોગ છે.

વિવાદને ખાતર એમ માનીએ કે જૈનસૂત્રોની ભાષા તે ગુજરાતીપ્રાકૃત નહિ ગણ માગધી અથવા બીજી કોઇ પ્રાકૃત છે, તોપણ પરિણામમાં આપણે માટે કંઇ મોટો ફેર પડવાનો નથી. બધી પ્રાકૃત લગભગ મળતી હતી અને બધા પ્રકારની પ્રાકૃત બોલનારી પ્રજા સાથે આપણો સંબંધ હતો. સંબંધ હતો એટલુંજ નહી પણ જુદા જુદા પ્રાન્તવાસીઓનું ગુજરાત વાસસ્થાન હતું. જુદી

---

* જિનકીર્તિસૂરિકૃત 'ષડ્ભાષા સ્તવન' નામના છત્રીસ ટુંકના કાવ્યમાં છ એ પ્રાકૃત ભાષાઓની છ ટુંક આપીને એ ભાષાઓનું સ્વરૂપ સ્પષ્ટ બતાવ્યું છે. એ કાવ્ય પૂરતા વિવેચન સાથે હું જુદું પ્રસિદ્ધ કરીશ.

૧. પુસ્તકપર ચઢાવ્યા—લખ્યા. ૨. ગુજરાતી પ્રાકૃત—તે કાળની લોકભાષા.

જુદી પ્રાન્તિક પ્રજાઓના મિશ્રણનું પરિણામ હાલની ગુજરાતી પ્રજા છે, તેમ જુદી જુદી પ્રાન્તિક ભાષાઓના મિશ્રણનું પરિણામ હાલની ગુજરાતીભાષા છે. જે જે પ્રાન્તની પ્રજાએ ગુજરાતમાં વાસો કર્યો તે તે પ્રાન્તની પ્રાકૃત ભાવિ ભાષાની કારણભૂત થઇ.

જે ભાષા વ્યાકરણ અને કોશથી નિયમિત થઇ હોય, જે ભાષાનું સાહિત્ય બહોળું વિસ્તાર પામેલું અને લોકપ્રિય હોય, જે ભાષા કેળવણી પામેલા જનસમૂહની લોકભાષા હોય અને જે ભાષાને પરભાષા બોલનારી પ્રજાનો સંપર્ક બહુ ઓછો હોય, તે ભાષા ઘણા લાંબા કાળ સુધી જીવતી રહી શકે. એથી ઉલટું જે ભાષાને એ સાધનો પ્રતિકૂળ હોય તે ભાષા બહુ જલદી રૂપાંતર પામી જાય. પ્રાકૃતભાષાને બંધારણવાળી સંસ્કૃત ભાષાનો બહુ સારો સહાયો હતો અને તે બોલનારો લોકસમૂહ કેળવાયેલો હતો, પણ તેનું સાહિત્ય બહુ અલ્પ હતું, તેમ પરદેશી પ્રજાઓનો સંપર્ક તેને અહર્નિશ દૂષિત કર્યા કરતો હતો; આ પ્રતિકૂળ સંજોગોને લીધે વૃદ્ધાવસ્થા પામેલા માણસની પેઠે ક્ષીણ થતાં થતાં તે રૂપાંતર પામી ગઇ. પ્રાકૃતભાષા ક્યારે રૂપાંતર પામી તે નક્કી કરવા જેવું ખાત્રી ભર્યું સાહિત્ય વિદ્યમાન નથી, અનુમાનથી એમ કહી શકાય કે વિક્રમસંવત્‌નું સાતમું આઠમું શતક તે પ્રાકૃતભાષાનો અંતકાળ અને અપભ્રંશભાષાનો આરંભકાળ. પ્રાકૃતનું રૂપાંતર થઇને જે ભાષા ચાલતી થઇ તેનું નામ **અપભ્રંશભાષા.** જો કે અપભ્રંશભાષા એ શબ્દ પ્રાકૃત ભાષાની પેઠે વિશાળ અર્થમાં પણ વપરાતો હતો અને આભીરી (આહીરી) વગેરે ખાસ ભાષાઓને પણ તે લગાડવામાં આવતો હતો, છતાં વિશેષે કરીને ગુજરાતી અને માળવામાં ચાલતી આઠમા શતક પછીની ભાષાને **અપભ્રંશભાષા** એ નામ આપવામાં આવ્યું છે. માળવાના

ભોજરાજાનો સમય જે સંવત્ ૧૦૭૮ પછીનો નિર્ણિત થયો છે, તે કાળે અપભ્રંશભાષા ચાલતી હતી. આ સમય તે ગુજરાતના ચૌલુક્ય મહારાજા પહેલા ભીમદેવનો સમય છે. વિમલપ્રબંધના નાયક વિમળશાનો સમય તે પણ આ સમય. આ સમયે પણ ભરતખંડની સર્વ ભાષાઓ વચ્ચે ઘણું સામ્ય હતું. પ્રાન્તિક ઉચ્ચારભેદે પ્રત્યયો હેરફેર હોવા છતાં શબ્દોનાં મૂળરૂપ સર્વત્ર મળતાં આવતાં હોવાથી વ્યાપારીઓ વગર અડચણે એક બીજા પ્રાન્ત સાથે વ્યવહાર ચલાવી શકતા અને મુસાફરો વગર સંકોચે એક બીજા પ્રાન્તમાં મુસાફરી કરી શકતા. જૈનસાધુઓ જેઓ હંમેશાં દેશભાષામાં ઉપદેશ આપતા હતા, તેમને એકથી બીજા પ્રાન્તમાં જઇ ઉપદેશ કરવાને ભાષાની અડચણ નડતી નહોતી. મુસલમાની રાજ્યકાળ શરૂ થયા પછી બીજા પ્રજાકીય સંબંધોની પેઠે દેશનો ભાષાસંબંધ પણ વધારે વધારે તૂટતો ગયો. રાજકીય અવ્યવસ્થાને લીધે જે તે પ્રાન્તનો વ્યવહાર જે તે પ્રાન્તમાં સંકોચાયો, ભાષામાં દિન પ્રતિદિન પ્રાન્તિક વિકાર વધતા ચાલ્યા અને દરેક પ્રાન્તભાષા જુદી ભાષા તરીકે વધારે વધારે સ્પષ્ટ થતી ગઇ. સદ્‌ગત સાક્ષરશ્રી નવલરામભાઇ એ કાળની ભાષા સ્થિતિ માટે આ પ્રમાણે કહે છે:—

"આશરે સાતસેં આઠસેં વર્ષ ઉપર જોઇશું તો માલમ પડશે કે આપણું ભાષા ઐક્ય હાલ છે તેથી પણ બહુજ વધારે હતું. એ સમયના ગ્રંથો અને પ્રાકૃતભાષાના અર્વાચીન શોધકોના કહેવાથી સાબીત થયું છે કે એક વખત ઉપર ગુજરાતમાંજ નહિ પણ પંજાબ, સિંધ, કચ્છ, મેવાડ, મારવાડ વ્રજ, ખાનદેશ, ઉડિયા, અને ઠેઠ બંગાળા સુધી લગભગ એક સરખીજ ભાષા બોલાતી હતી.

અલબત્ત તે ભાષા ગુજરાતી કે હિંદી એ નામથી ઓળખાતી નહોતી, પણ અપભ્રંશ એવું તેનું સામાન્ય નામજ હતું. બેશક તેમાં પ્રાંત ભેદ ઘણાજ હશે-હાલ જે જુજ પ્રાંત ભેદોને માટે કેટલાક મિથ્યા ઝઘડા ઉઠાવવા તત્પર જણાય છે તેના કરતાં સો ગણા વધારે, તો પણ તેણે એક સામાન્યરૂપ પકડેલું, અને સામાન્ય વર્ગે અંધમમત્વ છોડી તેજ આનંદથી સ્વીકારેલું.

પણ મુસલમાનો આવ્યા અને બીજા ઐક્યની સાથે આપણું ભાષા ઐક્ય પણ તૂટયું. ઠેકાણે ઠેકાણે લડાઇના રણશિંગાં ફૂંકાવા લાગ્યાં. મારફાડ ને નાસભાગ ચાલી, બધા પોતપોતાના પ્રાંતમાં પ્રયત્ન વડે સંતાઈ રહેવા લાગ્યા, અને પરસ્પરનો સહવાસ એટલો બધો બંધ પડી ગયો કે એક પ્રગણાના-લોક બીજા પ્રગણામાં પણ ભાગ્યેજ જવાની હિંમત ચલાવતા. આવી સ્થિતિમાં પ્રાંતભેદે જોર પકડી પોતાનાં ખાસ લક્ષણો ખીલવી, ભિન્ન ભિન્ન ભાષા રૂપે વછૂટા પડવા માંડયું, એટલે ગુજરાતી, કચ્છી, મેવાડી, મારવાડી, પંજાબી, વ્રજ વગેરે હાલની ભાષાઓ થઈ."

(નવલગ્રંથાવલિ. પૃ. ૪૦૪)

વિક્રમસંવત્ના આઠમા શતક પછીના એટલે પંચાસરના પતનકાળથી માંડીને પાટણના રજપુતરાજ્યની આખર સુધીના કાળને **અપભ્રંશભાષાનો કાળ** કહી શકાય. એ પછીની ભાષાને આપણે જૂની ગુજરાતી ભાષા કહીશું. સંવત્ ૧૩૦૦ થી ૧૬૦૦ સુધીનાં ૩૦૦ વર્ષને આપણે **જૂની ગુજરાતીનો કાળ** કહીશું.

વિદ્વાન્ શાસ્ત્રી વ્રજલાલ કાળિદાસ ગુજરાતી ભાષાના ઇતિહાસમાં જૂની ગુજરાતીનો કાળ સંવત્ ૧૧૦૦ થી ૧૫૦૦ સુધીનો

ઠરાવે છે, પણ એ કાળની ભાષા વિષે આપણે જે માહિતી મેળવી શકીએ છીએ, તે ઉપરથી જૂની ગુજરાતીના કાળ સંબંધીનું શાસ્ત્રીનું અનુમાન ફેરવવાની આપણને જરૂર પડે છે. સંવત્ ૧૧૦૦ એટલે સિદ્ધરાજનો પૂર્વસમય. સિદ્ધરાજના સમયે પ્રસિદ્ધ વૈયાકરણ હેમચંદ્રાચાર્યે અપભ્રંશભાષાનું વ્યાકરણ રચ્યું છે. હેમચંદ્રાચાર્ય ગુજરાતમાં જન્મેલા હતા;અને પાટણના રાજકર્તાઓ સાથે બહુ ગાઢો સંબંધ ધરાવતા હતા. એમણે સંસ્કૃતથી માંડીને પોતાના કાળે ચાલતી અપભ્રંશ ભાષા સુધીની મુખ્ય મુખ્ય સર્વ ભાષાઓનું સ્વરૂપ નિર્ણિત કર્યું છતાં ગુજરાતી ભાષા માટે કંઇ લખ્યું નહિં, તેથી એમ કહી શકાય કે એ કાળે ગુજરાતીભાષા વિદ્યમાન હોત તો તેના નિયમો બાંધવાને તે કદી,પણ દુર્લક્ષ કરત નહિ. હેમચંદ્રાચાર્ય જેવા સૂક્ષ્મદર્શી વિદ્વાનને માટે એમ ધારી શકાય નહિ કે તેમણે મૃતભાષાઓનાં વ્યાકરણ રચ્યાં અને વર્તમાન ભાષાને માટે વ્યાકરણની જરૂર માની નહિ. હેમચંદ્રાચાર્યના સમયે ગુર્જરભાષા એ નામ વિદ્યમાન્ હોવું જોઇએ એમ માનવાને પણ કારણ છે. એ સમય પહેલાં ઘણા લાંબા કાળની 'ગુર્જરપ્રજા' અને 'ગુર્જરદેશ' એ શબ્દો ચાલ્યા આવતા હતા, અને જો એક પ્રજાનું નામ તેજ તે દેશનું નામ પણ હોય તો તેમની ભાષા પણ તેજ નામે ઓળખાતી હોવી જોઇએ. પરસ્પરાશ્રિત આ સંબંધોનો વિચાર કરતાં એમ માનવું પડે કે હેમચંદ્રાચાર્યના સમયમાં **ગુર્જરપ્રજા,ગુર્જરદેશ અને ગુર્જરભાષા** એ ત્રણે શબ્દો વિદ્યમાન હોવા જોઇએ.

ગુર્જરવાણિયા, ગુર્જરસુથાર, ગુર્જરસોની, ગુર્જરકુંભાર, વગેરે નામોમાં ચાલતા રહેલા 'ગુર્જર શબ્દ ઉપરથી આપણે સમજી શકીએ કે '**ગુર્જર**' એ નામે ઓળખાતા લોકોનો કોઇ મોટો

સમૂહ પાછલા કાળે હોવો જોઇએ. ઉત્તરમાંથી આવેલો એ સમૂહ અહીંના જે ભાગમાં વસ્યો તે ભાગ **ગુર્જરભૂમિ** કે **'ગુર્જરદેશ'** એ નામે ઓળખાતો થયો. પાટણના મહારાજા **ગુર્જરેશ્વર** કહેવાતા અને એમના અધિકારનો મૂળ પ્રદેશ (ફક્ત ઉત્તર ગુજરાત) ગુર્જરદેશ ગણાતો. સંવત્ ૧૪૦૫માં રચાયેલા 'ચતુર્વિંશતિ પ્રબંધ'માં "**वागडदेशे वटपद्रपुरं**" (વાગડ દેશમાં વડોદરા શહેર) અને "**धंधुक्कपुरं गूर्जरधरा सुराष्ट्रा संधिगताः**" (ધંધુકાશહેર ગુજરાતની ભૂમિ અને સોરઠની સરહદ ઉપર આવ્યું છે) એમ કહે છે. કાઠિયાવાડનો દ્વીપકલ્પ એ વખતે સૌરાષ્ટ્ર અથવા સોરઠને નામે ઓળખાતો હતો અને વડોદરાની દક્ષિણનો પ્રદેશ ઘણા લાંબા કાળથી લાટ દેશને નામે પ્રસિદ્ધ હતો.* ગુર્જરદેશની ગુર્જરીભાષાની પેઠે સોરઠદેશની સોરઠીભાષા અને લાટદેશની લાટીભાષા એ નામો પણ તે કાળે વિદ્યમાન હતાં, પણ જે કારણથી હેમચંદ્રાચાર્યે પોતાના વ્યાકરણમાં ગુજરાતીભાષા માટે કંઇ લખ્યું નથી, તેજ કારણથી સોરઠી કે લાટીભાષા માટે પણ કંઇ લખ્યું નથી; કારણ એ છે કે ગુજરાતી, લાટી, સોરઠી એ બધાં નામો કોઇ જુદી જુદી ભાષાઓનાં નહિ, પણ અપભ્રંશ નામે ઓળખાતી વ્યાપકભાષાના પ્રાન્તિક ઉચ્ચારભેદનાં નામ હતાં. 'ગુર્જરદેશ' એ જેમ તે કાળે ફક્ત ઉત્તર ગુજરાતના એક પ્રાન્તનું નામ હતું, તેમ 'ગુર્જરભાષા' એ તે કાળે ફક્ત ઉત્તર ગુજરાતના પ્રાન્તિક ઉચ્ચારભેદનું નામ હતું.

સંવત્ ૧૩૬૧માં રચાયેલા 'પ્રબંધચિંતામણિ' ગ્રંથમાં પણ ગુજરાત શબ્દ ફક્ત ઉત્તર ગુજરાતનેજ લગાડવામાં આવ્યો છે અને કાઠિયાવાડના દ્વીપકલ્પને 'સોરઠ' તથા વડો-

* ગુર્જરદેશ કરતાં લાટદેશ એ નામ વધારે જૂનું છે.

દરાના દક્ષિણભાગને લાટ નામ આપવામાં આવ્યું છે. શાકે ૧૩૦૬ સંવત્ ૧૪૪૦માં નંદપદ્રપુર (નાંદોદ)ના દુર્ગસિંહનૃપના રાજ્યમાં રચાયેલા "કર્મવિપાક સારસંગ્રહ" ગ્રંથમાં નંદપદ્રપુરને ગુજરાતમાં ગણ્યું છે. તે પહેલાંના કોઇ ગ્રંથમાં વડોદરાના દક્ષિણ પ્રદેશને ગુજરાતનું નામ આપેલું મારા જોવામાં આવ્યું નથી. આ ઉપરથી એમ અનુમાન થઇ શકે કે મુસલમાની રાજ્યકાળના વખતથી ગુજરાત એ એક પ્રાન્તનું નામ લાટ વગેરે બીજા પ્રાન્તોને પણ લગાડવામાં આવ્યું, ને ગુજરાત શબ્દ હાલના જેવા વિશાળ અર્થમાં વપરાતો થયો. મુસલમાન રાજકર્ત્તાઓનો અમલ પહેલવહેલો 'ગુજરાત' નામે ઓળખાતા પ્રદેશ ઉપર સ્થપાયો હતો અને ગુજરાતમાંજ એમનું પાટનગર હતું, એથી દિલ્લીના મુસલમાનો આ તરફના બધા પ્રદેશને ગુજરાતને નામે ઓળખાતા હતા. પાટણની ગાદી અમદાવાદમાં આવી અને મુસલમાની અમલ દક્ષિણ તરફ આગળ વધતો ગયો, પણ દિલ્લીમાં તો ગુજરાતના સુલતાન, ગુજરાતનો મુલક અને ગુજરાતના લોક એ શબ્દોજ ચાલતા રહેલા હોવા જોઇએ. વિસ્તૃત અર્થમાં વપરાતો ગુજરાત શબ્દ દિલ્લીના દરબારમાંથી અમદાવાદના દરબારમાં આવે ને ત્યાંથી વ્યવહારમાં ભળી રૂઢ થઇ જાય એ અશક્ય નથી. ઇતિહાસમાં આવા ફેરફાર થતાજ રહે છે. 'કાઠિયાવાડ +'અને 'હિંદુસ્તાન' એ નામો પણ એ રીતેજ ચાલતાં થયાં છે.

ત્યારે ગુજરાતી ભાષાની શરૂઆત ક્યારથી ગણવી, એ પ્રશ્નનો જવાબ એજ હોઈ શકે કે **જ્યારથી ગુજરાત પ્રાન્તનું નામ મટીને દેશનું નામ થયું ત્યારથી ગુજરાતીભાષા પ્રાન્તિક-ભાષા મટીને દેશ્યભાષા થઈ.**

+ આપણે આખા દ્વીપકલ્પને 'કાઠિયાવાડ' એ નામે ઓળખીએ છીએ, પણ ખરૂં જોતાં 'કાઠિયાવાડ' એ કાઠીલોકથી વસેલા દ્વીપકલ્પના એક ભાગનું નામ છે. દ્વીપકલ્પના રહેવાસીઓ તો હજુ પણ એ એક ભા-

\+ हिअइ खडुक्कइ गोरडी, गयणी घुडुक्कइ मेहु ।
वासारत्ति पवासुहं, विसमा संकडु एहु ॥
जणु आवतउ म वारि, पुन्नहि लब्भइ एह दिणु ।
कोइ न चडसि बारि, उहट्टु लोसिइ जइ विहवु ॥

ગનેજ 'કાઠિયાવાડ' નામ આપે છે ને બીજા ભાગને 'ઝાલાવાડ' 'ગોહેલવાડ' 'હાલાર' વગેરે નામે ઓળખે છે. પાછલા શતકમાં ગાયકવાડી ફોજ દ્વીપકલ્પમાં પ્રસરી ત્યારે મુખ્યત્વે કાઠીલોકો સાથે તેમને વિરોધ કરવો પડતો અને કાઠીલોકોના બંદોબસ્ત માટે ગાયકવાડી સૈન્યની મોટી છાવણી કાઠિયાવાડ પ્રાંતમાં રાખવી પડતી. 'કાઠિયાવાડ' શબ્દ આ પ્રમાણે ગાયકવાડી સૈન્યને વધારે પરિચિત થવાથી વડોદરા દરબારમાં એ તરફનો આખો પ્રદેશ કાઠિયાવાડ નામે ઓળખાવા લાગ્યો. દરબારી શબ્દ પાછળથી વ્યવહારિક શબ્દ થયો ને આખા દ્વીપકલ્પનું નામ કાઠિયાવાડ પડ્યું. હિંદુસ્તાન શબ્દનું પણ તેમજ થયું છે. પહેલાં એ શબ્દ ફક્ત ઉત્તર હિંદુસ્તાનને લગાડવામાં આવતો હતો, અને હજુ પણ ભઈઆઓનેજ આપણે 'હિંદુસ્તાની' કહીએ છીએ ને તેમની ભાષનેજ 'હિંદીભાષા' કહીએ છીએ. થોડાં વર્ષ પહેલાં નિશાળોમાં ચાલતાં પુસ્તકોમાં પણ 'ભરતખંડનો ઈતિહાસ' ભરતખંડની ભૂગોળ' 'ભરતખંડનો નકશો' એમ લખાતું હતું, આપણા જોતાં જોતાં ભરતખંડ શબ્દ દબાઈ ગયો છે ને 'હિંદુસ્તાન' શબ્દ ચલણમાં આવ્યો.

+હૈયામાં ગોરી ખટકે છે અને ગગનમાં મેહ ધડુકે છે, એવી સ્થિતિમાં મુસાફરીનો રાતવાસો એ ભારે સંકટ છે. (તારે ઘેર) આવતા માણસને વારીશ નહિ. સદ્ભાગ્ય વડે એ દહાડો આવે છે. જો વૈભવ ઉલટાઇ જશે તો કોઇ બારણે ચઢશે નહિ.

पुत्तें जाए कवणु गुणु, अवगुणु कवण मुएण ।
नउ बप्पोंकी भूंइडी चंपीज्जइ अवरेण ॥
हिअडा जइ वयरिअ घणा, तउ किं अब्भि चडाहुं ।
अम्हाहिं बि हत्थडा, जइ पुणु मारि मराहुं ॥

આ નમુનાની ભાષાને "ગુજરાતીભાષા" એ નામ આપવા કરતાં "અપભ્રંશભાષા" એ નામ આપવું વધારે સારૂં છે. એના શબ્દો અને પ્રત્યયો ગુજરાતીભાષાથી એટલાબધા જુદા પડે છે કે આપણે તેને ગુજરાતી ભાષા તરીકે ઓળખી શકીએ નહિ. હેમાચાર્ય પોતે પોતાના સમયની આ ભાષાને 'અપભ્રંસ' નામ આપે છે અને મારા સમજવા પ્રમાણે એજ તેનું ખરૂં નામ છે.

'પ્રબંધ ચિંતામણિ' 'ચતુર્વિંશતિપ્રબંધ' વગેરે ચૌદમા શતકના ગ્રંથોમાં સંગ્રહાએલા દોહરાઓ એ કાળની ભાષાના નમુના રૂપ માની શકાય નહિ. પાછલાં બે ત્રણ શતકોના ઐતિહાસિક પુરૂષોને ઉદ્દેશીને એ દોહરા રચાયેલા છે અને તે આ પ્રબંધોના કર્તાઓએ પોતે રચેલા નહિ પણ બીજાં પુસ્તકોમાં સંગ્રહાયેલા તથા લોકોક્તિમાં ચાલતા આવેલા તે સંગ્રહ્યા છે. જૂની ગુજરાતી કરતાં અપભ્રંશ ભાષા સાથે તે વધારે મળવા આવે છે. સંવત્ ૧૪૭૦ની આસપાસમાં થએલા શ્રીધર કવિનું **"કવિત ભાગવત"**

જો બાપોતી જમીન બીજાઓથી દબાવાય તો પુત્ર જન્મવાથી શું ફળ અને મરવાથી શું નુકસાન? હૈયા! જો વેરી ઘણા છે તો શું આભે ચડીશ? (દુશ્મનોની પેઠે) અમારે પણ બે હાથ છે; કાં તો મારી અથવા મરીશું.

અને "રણમલ્લછંદ" એ બે જૂની ગુજરાતીના ગ્રંથો મળ્યા છે. 'કવિત ભાગવત'ની તૂટક પ્રતિ મારી પાસે છે, પણ તે સંવત્ ૧૭૦૦ની લગભગમાં લખાયેલી હોવાથી ઘણીજ અશુદ્ધ છે. 'રણમલ્લ છંદ' ઇડરના રાજા રણમલ્લના શૌર્યને ઉદ્દેશીને રચાએલો હોવાથી એની ભાષા ભાટોની ભાષાની પેઠે જરા ગૂઢ છે. એનો નમુનો આ પ્રમાણે છે.

શ્રીધર વ્યાસ કૃત રણમલ્લ છંદમાંથી.

ईडर गढि अबहीं चढि चल्लइ, जइ रणमल्ल पासि इम बुलउ॥२७॥
सिरि फुरमाण धरवि सुरताणीय, दई दय हाल माल दीवाणीय।
अगर गरास दास सवि छोडिय, किरि चाकरी खानकर
जोडीय ॥२८॥
असि वर सरिस बाहु उब्भारीय, बोलिइ इठि हेजब्ब हकारीय।
मुझ सिरकमल मेछपय लग्गिइ, तु गयणंगाणि भाण न
उग्गिइ ॥२९॥

सिंह विलोकित.

जां अंबरपुडतालि तराणि रमिइ, तां कमधजकंध न धगड नमिइ।
वरि वडवानल तणी झाल शमिइ, पुण मेछ न आपूं चास
किमइ ॥३०॥

जि रुका मलिका वलकाक पाडि
जि जुद्धा मुडुद्धा सनद्धा भजाडि ।
ति भू आ खडी आ घडी दंड किज्जि
रणम्मल दिट्टे मुहि घास लिज्जि ॥ ६८ ॥×

म्रहि ऊगमि पट्टणि पट्ट करि धगडायण धूंधालि धरूं ।
ईडरलइ रा रणमल्ल कहि एकछत्र रवितलि करूं ॥७०॥÷

(૨૭.–હમણાંજ ઇડરગઢ પર હુમલો લઇ જાઓ: રણમલ્લ પાસે જઇને એમ કહો કેઃ—

૨૮. સુલતાનનો હુકમ માથે ચડાવીને એકદમ દીવાની (સુલતાનનો) *માલ (દંડ)–આપી દે, તેમ નહિ કરે તો ગરાસ અને મોટાઈ ખોઇને આખરે ગુલામની પેઠે ખાનની ચાકરી કરવી પડશે.

૨૯. રીસથી તરવારપર હાથ નાખીને રણમલ્લે હોંકારો કરી સુલતાનના સેવકને કહ્યું, મારા શિરકમલપર મ્લેચ્છનો પગ અડે (હું મ્લેચ્છને નમું) તો ગગનાંગણે સૂર્ય ઉગે નહિ !

૩૦. જ્યાં સુધી ગગનતલ નીચે સૂર્ય પ્રકાશે છે ત્યાંસુધી રણધીર પુરૂષનું માથું ધગડા (મુસલમાન)ને નમશે નહિ. વડવાનળ-

---

× આ ઉતારાના કેટલાક શબ્દો બરાબર સમજી શકાયા નથી.

÷ "રણમલ્લ છંદ" ની પ્રતિ સાક્ષરશ્રી કેશવલાલ હર્ષદરાય ધ્રુવે પુના 'ડેક્કન કોલેજ' માંથી મેળવી છે. તે સં. ૧૬૬૫માં લખાયેલી છે.

* સરખાવો 'વિમલપ્રબંધ' ખંડ ૭, કડી ૭૭, ૭૮, ૮૦)

ની જ્વાળા શમી જાય તોપણ કદી મ્લેચ્છને એક ચાસપૂર જમીન આપીશ નહિ.

૬૮. મહા બળવાનને ધૂળમાં રગદોળે તેવા કદ્દા મલેકો, જે પ્રચંડ યોધ્ધાઓને પણ નાશી જવાની ફરજ પાડે તેવા છે, તે રણમલ્લને જોતાંજ ભોંય પર ગબડી પડે છે, ને દીનતાથી લાંબા થઇ હાથ જોડી દાંતે તરણાં લે છે.

૭૦ ઇડરનો રાજા રણમલ્લ કહે કે સવાર થતાં પાટણ પાટનગર કરીને ધગડાઓને તગેડી કાઢું અને આખો દેશ એકછત્ર નીચે લાવું.)

ભાલણ, નરસિંહ મહેતા, પદ્મનાભ, ભીમ એ વગેરે જૂની ગુજરાતીના કવિ છે. એમના કાળની ભાષાને આપણે જૂની ગુજરાતી ભાષા કહીએ છીએ; કારણ કે એ ભાષામાં હાલની ગુજરાતી ભાષાનાં જૂનાં-પૂર્વ રૂપ છે. સાક્ષરશ્રી કેશવલાલભાઇએ 'રણમલ્લછંદ' ની પેઠે આ કાળનું કર્મણમંત્રી કૃત "સીતાહરણ" કાવ્ય મેળવ્યું છે. એનો નમુનો આ પ્રમાણે છે.

+કર્મણમંત્રીકૃત સીતાહરણમાંથી.*

૭૪ લંબોદર વિઘ્નહર, પહિલું તુહ્મચૂં નામ;
સુર તેત્રીસઇ તુહ્મ તવઇ, કર્મણ કરઈ પ્રણામ. ૧

+ આ કાવ્ય ૫૦૦ ટુંકનું છે. મૂળપ્રતિ સંવત્ ૧૬૦૫ના કાર્તિક વદિ ૫ મે " વે. વછા " ના હાથની લખાયેલી છે.

* બાળબોધ અક્ષરો જોઇને વાંચનાર એટલો ભાગ વાંચવાનું છોડી ન દે એટલા માટે આ અને આની પછીના બીજા ઉતારા ગુજરાતી ટાઈપમાં લીધા છે.

સરસતિ સામિણિ[1] વીનવૂં, ગાઇસ્યૂં તુહ્મ પસાઇ[2];
સાચા અક્ષર મેલવે, કર્મણ લાગઇ પાઈ. ૨
સંવત પંનર છવ્વીસઈ, સીતાહરણ વિચાર;
કરજોડી કર્મણ તવઇ[3], અહ્મહ[4] ગિરા આધાર. ૩
દેવ સવે ચલણે[5] નમૂં, ત્રિભુવન છઈ જે માઈ,
કર્મણ વીનવઈ અહ્મે, ગાઉં અયોધ્યારાય. ૪

× × × ×

કરજોડીનઈ કરૂં વીનતિ, સ્વામી કોપ મ કરિસ્યુ;
તુહ્મ આગલિ વરવૂં[6] નવિ બોલૂં, એ છઇ અનેરૂ[7] પુરિસુ[8]. ૧૩૧
રાણા એણિ[9] સહૂ રણિ[10] ભાગા, દાણવ[11] દૈત્ય ન છીપઇ;[12]
સપ્ત તાડ ઇક બાણઇ વેધઈ, તેજ વાલિ રણિ જીપઇ[13]. ૧૩૨
વાલિ તણા પુરૂષારથ બોલ્યા, ભલા પવાડા[14] કીધા;
કરી કોપ કોદંડ પૂરિઉં[15], સપ્ત તાડ તિહાં વીંધા. ૧૩૩
આણંદિઉ[16] એણીપરિ બોલઇં, આજ ભેદ મઈ લાધુ[17];
બલિરાજા જે દાન દેયંતાં વામન રૂપિ[18] બાંધુ. ૧૩૪
સુગ્રીવઇં સંગ્રામજ માંડિઉ, ઝૂઝ[19] નહીં કહી લેખઈ;
બિહૂ ભડ તિહાં બાથિ આવ્યા, રામ સરીસા[20] દેખઇ. ૧૩૫

---

૧ સ્વામિની. ૨ પ્રસાદ-કૃપાવડે. ૩ સ્તુતિ કરે. ૪ અમને. ૫ ચરણે. ૬ ખોટું. ૭ જુદા પ્રકારનો. ૮ પુરૂષ. ૯ એનાથી. ૧૦ યુદ્ધમાં. ૧૧ દાનવ. ૧૨ ટકી શકે. ૧૩ જીતે. ૧૪ યશોગાન. ૧૫ ધનુષ્ ચઢાવ્યું. ૧૬ ખુશી થયેલો. ૧૭ સમજ્યો. ૧૮ વામનરૂપે. ૧૯ યુધ્ધ. ૨૦ પાસે.

પ્રાણુ[21] કરી નઇ પાછા કીધા, સ્વામી કરૂ કાં સાંસુ[22] ?
અંતર વિણુ આયુધ કિમ મેહેલૂં ? પ્રાણિઉં પડિઉ વરાંસું.[23] ૧૩૬
શાંખાહૂલી[24] માલ પહિરણુઈ,[25] વલી આવ્યુ રણિ ચાલી;
અંગદિ જઈ નઇ વાલિ વીનવ્યુ, કિમ્હિઈ મનાવુ આલી[26].

× × × ×

અન્ન વિણાસણ[27] જે માંનવી, રામકથા કિમ જાણઇ કવી ?
બંભોદર સરસતિ આધાર, કૂડા સાચા કહ્યા વિચાર. ૪૯૯

દુહા.

[28] જાં ધ્રૂ મેરૂ મહીધરૂ[29], જાં સાયર[30] નઈ સૂર;
તાં[31] એ રામાયણ સુણુ[32], તે ઘરિ નવનિધિ પૂર. ૫૦૦

'સીતાહરણ' ની ભાષા 'કાન્હડદેપ્રબંધ' અને 'વિમલપ્રબંધ' ની ભાષા કરતાં જરા વધારે સરળ છે; પણ સરળતા કે દુર્બોધતા એ કવિના જ્ઞાન, વલણ અને વિષય ઉપર આધાર રાખે છે. 'કાન્હડદે પ્રબંધ' અને સીતાહરણ'ની ભાષા વચ્ચે ફેર છે તે ' અંધેરી નગરીનો ગધંવસેન' અને 'સરસ્વતીચંદ્ર' એ બેની ભાષા વચ્ચે ફેર છે તેવો છે.

'કાન્હડદેપ્રબંધ' ઝાલોરના રાજાને ઉદ્દેશીને રચાયેલો હોવાથી ઉપલક અભિપ્રાય આપીદેનારા એને મારવાડી ભાષા કહે એ બનવાજોગ છે. 'વિમલપ્રબંધ' મારવાડના કોઇ માણુસે રચ્યો નથી,

---

૨૧ બળ. ૨૨ વાર. ૨૩. વિચારમાં. ૨૪ શાંખાફૂલી, ૨૫ પહેરીને. ૨૬. નકામું. ૨૭ ખાઈબગાડનાર. ૨૮ જ્યાં સુધી. ૨૯ પર્વત. ૩૦ સાગર. ૩૧ ત્યાંસુધી. ૩૨ સાંભળે.

તેમ તે કોઇ મારવાડીને ઉદ્દેશીને રચાયેલો નથી; એના રચનારની જન્મભૂમિ અમદાવાદ છે અને તેમનું નિવાસસ્થાન પાટણ છે. પાટણની પાસેના **માલસમુદ્ર** ગામના શ્રાવકસંઘને સંભળાવવા પાટણના લોકપ્રસિદ્ધ પુરૂષને અવલંબીને આ કાવ્ય રચાયું છે. એની ભાષા સાથે ' કાન્હડદેપ્રબંધ ' ની ભાષા સરખાવી જોવાથી ખાત્રી થાય એવું છે કે ' કાન્હડદેપ્રબંધની ' ભાષા તે મારવાડી ભાષા નહિ પણ જૂની ગુજરાતી ભાષા છે. એ વખતની મારવાડીભાષા ઘણી રીતે ગુજરાતી ભાષાને મળતી હોવા છતાં ખાસ લક્ષણોમાં ગુજરાતીથી જુદી પણ હતી. જૈનગ્રંથોપર મારવાડી જૈનસાધુઓએ એ કાળે કરેલી ટીકાઓમાં આ ફેર સ્પષ્ટ દેખાઇ આવે છે. મારવાડીઓ હાલમાં છઠ્ઠી વિભક્તિનો પ્રત્યય "રો રી રૂ" વાપરે છે, તે પ્રત્યયો તે વખતની મારવાડીભાષામાં પણ વપરાતા હતા. સવંત્ ૧૫૪૫માં એકલિંગ મહાદેવમાં લખાએલા શિલાલેખમાં **तियेरो पुत्र, तिहरो पुत्र, तिहरा पुत्र**, એવા શબ્દો લખાએલા છે. જૂની મારવાડીભાષા અને જૂની ગુજરાતીભાષા એક છે, એમ માનવું એ ભૂલભરેલું છે.

વિમલપ્રબંધના કર્તા જૈનસાધુ હોવાથી એવો આક્ષેપ ઉભો થવાનો સંભવ છે કે **વિમલપ્રબંધની ભાષા** તે જૈનભાષા છે. ખરૂં જોતાં જૈનભાષા એ નામની કોઇ ભાષાજ નથી. જૈનો કોઇ જુદી પ્રજા નથી કે તેમની ભાષા જુદી હોય. આપણા ભાઇ પિતરાઇઓમાં કેટલાક શૈવ કે વૈષ્ણવ હોય છે, તેમ કેટલાક જૈન છે. પ્રાકૃતભાષા લોકભાષા હતી તે વખતે એમના ગ્રંથો ગુંથાયેલા હોવાથી તે પ્રાકૃતભાષામાં છે. બ્રાહ્મણોના ધર્મગ્રંથો સંસ્કૃતમાં હોવા છતાં નરસિંહ મહેતા, ભાલણ, શ્રીધર વગેરે કવિઓ લૌકિક સા-

હિત્ય લોકભાષામાં રચતા હતા, તેમ જૈનકવિઓ પણ લૌકિક સાહિત્ય લોકભાષામાં રચતા હતા. લૌકિકસાહિત્યનો આશ્રય કરવાની બ્રાહ્મણો અને જૈનો બેઉને સરખી જરૂર ઉત્પન્ન થઈ હતી ને બેઉ સરખી રીતે કામ કરતા હતા. પ્રાચીન કાળના જૈનગ્રંથકારોની ભાષા જુદી છે એમ કહેનારાઓને સાક્ષરશ્રી નવલરામભાઇ આ પ્રમાણે જવાબ આપે છે:—

"એ બાબત (જૂના જૈનકવિઓની ભાષા બાબત) અમારો એવો વિચાર છે કે જૂની ગુજરાતીમા જૈન કે વેદમાર્ગીનો કાંઇ ભેદ ગણવાનો નથી, પણ એથી ઉલટું હાલ (એ કાળે) ગોરજીઓ જે ભાષામાં ગ્રંથ લખે છે તેજ ભાષા આખા ગૂજરાત પ્રાંતની જનભાષા હતી એ વિચાર વ્રજલાલ શાસ્ત્રીએ પોતાના એક ગ્રથમાં સાફ જાહેર કીધો છે, અને જે જે વિદ્વાનો જૂની ગૂજરાતીનું અવલોકન કરે છે તેનો પણ એવોજ વિચાર થયા વિના રહેતો નથી.*"

(નવલગ્રંથાવલિ પૃ. ૩૯૯.)

ચોથા પાંચમા શતકનાં જૈનસૂત્રોની ભાષા અને સોળમા શતકના જૈનરાસોની ભાષા એક હોય એ તો સંભવેજ નહિ. જે

---

* આ અભિપ્રાયના સમર્થનમાં ભીમ કવિ કૃત 'હરિલીલા સોળ કળા', 'કૃષ્ણદાસકૃત મોટો સુદામો' અને 'વૈષ્ણવાહ્નિક' માંથી ઉતારા આપે છે: અને એ પછી સરખામણીને માટે સંવત્ ૧૬૦૩માં રચાયેલા અને સં. ૧૬૧૩માં લખાએલા વિમળસૂરિકૃત 'સારરાસ'નો થોડો ઉતારો આપે છે. જોવા ઈચ્છનાર 'નવલગ્રંથાવલિ' કે, ૧૮૭૩ના 'શાળાપત્ર' માંથી તે જોઈ શકશે.

ભાષા એ કાળના બ્રાહ્મણ કવિઓની છે તેજ ભાષા એ કાળના જૈન કવિઓની છે.

જૈનકવિઓને માટે એમ કહેવામાં આવે છે કે તેઓ સાધુ હતા અને ધર્મોપદેશક તરીકે મારવાડ વગેરે બીજા પ્રાંતોમાં ફરતા હતા, તેથી એમની ભાષામાં બીજી ભાષાના શબ્દો ભળેલા છે; માટે જૈનકવિઓની ભાષા તે ખરેખરી ગુજરાતીભાષા કહેવાય નહિ. કબુલ કરવું જોઇએ કે કેટલાક જૈનરાસમાં મારવાડી પ્રયોગોનો ભેળ થયો છે અને કેટલાક રાસ મારવાડીભાષામાં લખાયેલા છે; પણ જૈનસાહિત્યમાં કેટલાક ગ્રંથો આ પ્રકારના મળી આવે છે તે ઉપરથી આખું જૈનસાહિત્ય એ પ્રકારનુંજ છે એમ કહેવું એ તો કેવળ અજ્ઞાન બતાવવા જેવું છે. નિર્ભેળ જૂની ગુજરાતીના ગદ્ય પદ્યનો જૈનો પાસે એટલો મોટો સંગ્રહ છે કે થોડાએક રાસ ઉપરથી ઉભો કરેલો એ આક્ષેપ જરા વાર પણ ટકી શકે નહિ.

મારવાડી કે હિંદીના નામે ભડકી ઉઠનારાઓએ એ પણ જાણવું જોઇએ કે મારવાડી અને હિંદી તો ગુજરાતીના લોહીમાં ભળી ગયેલી છે. આગળ કહેવામાં આવ્યું છે કે અનેક પ્રાંતભાષાઓનું મિશ્રણ થઇને હાલની ગુજરાતીભાષા બની છે. પ્રાચીન કાળમાં યાદવો મથુરાથી આવીને દ્વારકામાં રહ્યા હતા. ગિરનારપરના અશોકના શિલાલેખ અને સુદર્શન તળાવ ઉપરના શિલાલેખ જોતાં મગધના બૌદ્ધ રાજાઓનો અને પછી ગુપ્તવંશના રાજાઓનો અમલ ગુજરાત ઉપર ચાલતો થયો હતો. કાઠિયાવાડમાં વસતી જેઠવા, વાળા (કાઠી), ચૌરા (ચાવડા), આહેર, બાબરીયા અને મેર જાતિની પ્રજા ઘણા લાંબા કાળથી ત્યાં આવીને વસી છે. સિંધ અને કચ્છ-

માંથી વારંવાર અનેક જાતિના લોકો એ પ્રાંતમાં આવ્યા છે. પૂર્વદશામાં માળવા સાથે ગુજરાતનો સંબંધ એટલો બધો વધારે હતો કે આપણી અને માળવીલોકોની ભાષા (અપભ્રંશ) એક કહેવાતી. માળવાને રસ્તેથી પણ અનેક પ્રજાઓ ગુજરાતમાં આવી વસી છે. ઉત્તર તરફ રજપુતાના સાથેનો સંબંધ પણ બહુ ગાઢ હતો. શ્રીમાળ નગર કેટલાક વખત સુધી ગુજરાતની રાજધાનીનું શહેર હતું. શ્રીમાળીબ્રાહ્મણ, શ્રીમાળી વાણિયા, શ્રીમાળી સોની, મેવાડા બ્રાહ્મણ, મેવાડા વાણિયા, મેવાડા સુથાર, પોરવાડ વાણિયા, ઓશવાળ વાણિયા, ગુજર વાણિયા, ગુજર સુથાર, ઔદિચ્ય બ્રાહ્મણ, શ્રીગોડ બ્રાહ્મણ, કાયસ્થ આવી આવી અનેક જ્ઞાતિઓ ઉત્તરમાંથી આવીને ગુજરાતમાં રહી છે દક્ષિણ ગુજરાતનો પ્રદેશ ઘણીવાર દક્ષિણના રાજાઓના તાબામાં હતો. ગુજરાતની પ્રજા આમ અનેક પ્રાંતમાંથી આવી વસેલી પ્રજા છે. દરેક પ્રજાને પોતપોતાની ભાષા હોય છે અને જે માણસ આવે છે તે પોતાની ભાષા લઇને આવે છે. ગુજરાતમાં વસતા પારસીઓ અને (લોટીઆ) વહોરાઓ ગુજરાતીભાષા બોલે છે, પણ ઉચ્ચારભેદનું તેમનું પોતાનું વલણ તજી શકતા નથી. (શક, પહલવ (પારસી), બર્બર વગેરે લોકોને બાદ કરતાં) ગુજરાતમાં આવી વસનારી બીજા પ્રાંતની પ્રજાઓની ભાષા જો કે બહુ ભિન્ન નહોતી, પણ પ્રાંતિક ઉચ્ચારભેદ તો અવશ્ય હતોજ, એ ઉચ્ચારભેદ વલોવાતાં વલોવાતાં જે મિશ્રણ તૈયાર થયું તે ગુજરાતીભાષા છે.

ગુજરાતીભાષામાં આવું અનેક પ્રાંતોનું મિશ્રણ થયેલું હોવાથી જે ભાષા તરફ જોઇએ તે ભાષા સાથે ગુજરાતી ભાષાનો સંબં-

ધ દેખાય છે. જુઓ:—

"પ્રાચીન ગુજરાતી અને પ્રાચીન હિંદીનું મૂળ તો એકજ છે." (શાળાપત્ર પૃ. ૧૭/૯૮)

"મુખ્ય સ્વરૂપમાં ગુજરાતી ભાષા પશ્ચિમની હિંદી સાથે ને તેથી પણ વિશેષ રાજસ્થાનીભાષા સાથે મળતી આવે છે." (શાળાપત્ર ૨૨૭/૧૯૦૯)

"ગૌડી અથવા મહારાષ્ટ્રીય મૂળ કરતાં શૌરસેની સાથે ગુજરાતીનો વધારે સંબંધ છે; કારણ કે આ પ્રાંતના પ્રથમ વસનારા લોકોને પૂર્વ અને અગ્નિ કોણ સાથે વધારે લાગતું વળતું હતું."

(ડૉ. હરિલાલ હ. ધ્રુવનો પશ્ચિમ હિંદુસ્તાનની ભાષાઓનો નિબંધ. બુદ્ધિપ્રકાશ ૨૫૮/૧૮૯૦)

"પ્રોફેસર માં. ડેવિસનો મત એવો છે કે આપણી ભાષાનો પાલી સાથે અધિક નિકટ સબંધ છે." (બુદ્ધિપ્રકાશ પૃ. ૨૬૧/૧૯૯૦.)

"ગુજરાતી ભાષા ગુજરાતથી જે ઉત્તરમાં દેશો છે તેમની ભાષાઓ જોડે ઘણી મળતી છે. કારણ કે ગુજરાતના લોકો ઉત્તરમાંથી આવેલા છે." (ગુજરાતી ભાષાનો ઇતિહાસ.)

જૈનકવિઓનાં કાવ્યોમાં પ્રાકૃત કે માગધી ભાષાના શબ્દો ઘણા આવે છે માટે જૈનકાવ્યોની ભાષા તે ખરેખરી ગુજરાતી ભાષા કહી શકાય નહિ, એવો પણ એક આક્ષેપ કરવામાં આવે છે. આ આક્ષેપ ઘણુંખરૂં અઢારમા શતકના જૈનકવિઓનાં કાવ્યો જોઇને ઉભો કરવામાં આવ્યો હોય છે. નવી ગુજરાતીના યુગના જૈન સાધુઓ જૂની ગુજરાતીમાં લખાયેલી ટીકાઓ વાંચવાને લીધે જૂની ગુજરાતીથી જાણીતા રહેતા, ને તેથી લોકોચ્ચારમાં વપરાતાં એકાર

ઓકારવાળાં રૂપો કરતાં જૂના ગ્રંથોમાં લખાયેલાં ઇકાર ઉકારવાળાં રૂપો વધારે શુદ્ધ અને વધારે કોમળ માનીને તેમણે જૂની ગુજરાતીના શબ્દો અને જૂની ગુજરાતીનાં રૂપો વાપરવાનું વાજબી ધાર્યું હોય એ બનવાજોગ છે. નવી ગુજરાતીના જૈનકવિઓ માટે આ વાત આટલી ખરી છે; પણ જૂની ગુજરાતીના જૈનકવિઓ માટે તેમ કહી શકાય એવું નથી. જૂની ગુજરાતીના કાળના બ્રાહ્મણ કે જૈન હરકોઈ કવિનાં કાવ્ય એક સરખાં છે. કદાચ જૈનકવિઓ કાવ્યમાં અપભ્રંશ કે પ્રાકૃત શબ્દો વધારે વાપરતા હશે, ને બ્રાહ્મણકવીઓ સંસ્કૃત શબ્દો વધારે વાપરતા હશે; પણ અપભ્રંશ પ્રાકૃત તરફ અણગમો બેમાંથી એકેને નથી. અપભ્રંશ પ્રાકૃત એ કાળે ઉતરી ગયેલી ભાષા હતી, પણ એનું સાહિત્ય લોકોક્તિઓ અને પુસ્તકોમાં હયાત હતું. અપભ્રંશ પ્રાકૃત આપણને જેટલી અજાણી લાગે છે તેટલી તે કાળના લોકોને અજાણી લાગતી નહોતી. ઉલટી સંસ્કૃત કરતાં તે વધારે પરિચિત ભાષા હતી. જૈનકવિઓ પાસે એ ભાષાનો બહોળો સંગ્રહ હતો અને તેના તેઓ અભ્યાસી હતા. એથી કાવ્યમાં વ્યાવહારિક શબ્દો ઉપ-રાંતના શબ્દો જોઇએ તે તેઓ ચોથી પેઢીની સંસ્કૃતભાષામાં લેવાને બદલે સગી મા અપભ્રંશ કે વડીઆઇ પ્રાકૃતમાંથી વધારે લેતા હોય તો તે બનવાજોગ છે. મને નથી લાગતું કે આમ કરવા માટે જૈનકવિઓ દોષપાત્ર હોય અથવા એમની ભાષા તે ગુજરાતી ભાષા નથી એમ કહેવું યોગ્ય હોય.

મુસલમાની રાજ્યકાળ પહેલાં બ્રાહ્મણ ગ્રંથકારો ધર્મ અને વિદ્યાસંબંધીના સર્વ ગ્રંથો સંસ્કૃત ભાષામાં રચતા હતા. વિક્રમસંવ-તના છઠ્ઠા સૈકા પછી જૈનગ્રંથકારો પણ સંસ્કૃત ઉપર વળી ગયા હતા.

અપભ્રંશભાષા ગુજરાતીભાષા તરીકે ઓળખતી થઇ તે પહેલાં ઘણાખરા પ્રાકૃતગ્રંથો ઉપર સંસ્કૃત ટીકાઓ લખાઇ ગઈ હતી અને નવી ગ્રંથરચના ઘણુંખરૂ સંસ્કૃતમાંજ થતી હતી. મુસલમાની રાજઅમલમાં આ પરંપરા તૂટી. રાજકર્તાઓના જુલમથી હિંદુઓના ધર્મ અને ધર્મગ્રંથોને સંતાઈ રહેવાની જરૂર પડી. પઠનપાઠનની પરંપરા તૂટી ગઇ. વ્યવહાર અને વિદ્યાને તો પહેલાં પણ બનતું નહોતુ, તે અણબનાવ હવે વધ્યો. લોકો કેવળ અભણ થયા એટલુંજ નહિ પણ બ્રાહ્મણ વગેરે ઉપદેશકવર્ગમાં પણ વિદ્યાના ઉંડા અભ્યાસ*—ની તાણ પડતી ગઇ. અવિદ્યા અંધકારમાં લોકભાષાના શબ્દો ગમેતેમ ઘડાવા લાગ્યા અને મુસલમાનોના સહવાસથી અરબી ફારસીનો ભેળ થવા માંડયો. આ સ્થિતિમાં ગુજરાતીભાષાનો જન્મ થયો. સંસ્કૃત દુષ્પ્રાપ્ય થતું ગયું તેમ તેમ દેશ્યભાષાના સાહિત્યની જરૂર વધતી ગઇ. લોકભાષા અને વિદ્યાનો મેળ નહિ મળવાને લીધે લોકભાષા કેવળ વ્યવહારોપયોગી શબ્દોની બનીગઈ હતી, તેનો હવે સાહિત્ય સાથે સંબંધ બંધાયો. સંસ્કૃતના ભોગે દેશ્યભાષા હવે પોષાવા લાગી. કથાવાર્તા કરનાર ઉપદેશકલોકોની અનુકૂળતા માટે સંસ્કૃત ગ્રંથો ઉપર ગુજરાતી ટીકાઓ લખાવા માંડી તેમજ લોકોની ધર્મજીજ્ઞાસાનું પોષણ કરવા પૌરાણિક આખ્યાનોના દેશ્યભાષામાં અનુવાદ થવા લાગ્યા. બ્રાહ્મણોને સંસ્કૃતમાંથી આખ્યાનો ઉતારવાનાં હતાં તેમ જૈનોને પણ સંસ્કૃતમાંથી રાસ ઉતારવાના હતા. સંસ્કૃતમાંથી ઉતારાતી કથાઓમાં

---

*સંસ્કૃતભાષા તદ્દન લોપાઇ ગઇ હતી એમ કહેવાનો હેતુ નથી. આ કાળમાં અને તે પછીના કાળમાં પણ સંસ્કૃતમાં ગ્રંથરચના થઈ છે. કહેવાનું તાત્પર્ય એટલુંજ છે કે સંસ્કૃતજ્ઞાનની સપાટી હેઠી ઉતરી ગઇ હતી.

સ્વાભાવિક રીતેજ સંસ્કૃત શબ્દો ઉતરવા લાગ્યા ને ગુજરાતી ભાષાને ચોથી પેઢીની પૂર્વજ સંસ્કૃતભાષા સાથે નવેસર સગાઇ સંધાઇ. સંસ્કૃત શબ્દો ધકેલાતાં ધકેલતા પ્રાકૃતરૂપ પામ્યાહતા અને પ્રાકૃતમાંથી ધકેલાતાં ધકેલાતાં અપભ્રંશ રૂપે બહુ બેડોળ થઇ ગયા હતા, તે રૂઢ શબ્દોને સ્થાને ગુજરાતી ભાષામાં નવા-કોરા સંસ્કૃત શબ્દો આવવા લાગ્યા. બીજી તરફ પ્રાકૃત **करइ, घरइ** માં સ્વરો સંધાતા નહોતા છતાં લોકોએ ઉચ્ચારમાં ટુંકાવીને **करि, घरि** નું રૂપ આપ્યું હતું, તે અપ્રમાણભૂત રૂપો પુસ્તક પર ચઢીને પ્રમાણભૂત ગણાતાં થયાં. આ પ્રમાણે ગુજરાતીભાષા પોતાની પૂર્વજભાષાઓ સાથે તેમજ સંસ્કૃતભાષા સાથે બેઉ તરફ સંબધ ધરાવતી ભાષા થઇ બ્રાહ્મણકવિઓ અને જૈનકવિઓ બેઉનાં કાવ્યોમાં આ બેઉ સંબંધ સ્પષ્ટ દેખાઇ આવે છે. જૈન કવિઓનું વલણ એક હતું ને બ્રાહ્મણકવિઓનું વલણ બીજુ હતું એમ કહેવાને કશુ કારણ નથી.

જરા વિષયાંતર થવા દઇને પણ બે બોલ કહી દેવા જરૂરના છે કે ગુજરાતીભાષા જૈનોએ બનાવી છે, એવી ઉભી કરવામાં આવતી ચર્ચા અર્થવગરની છે. ગુજરાતીભાષા બનાવેલી નથી પણ બનેલી છે. મરાઠી, માળવી, મારવાડી, પંજાબી, હિંદી, બંગાળી વગેરે બધી પ્રાંતભાષાઓ જે રીતે બની છે તેજ રીતે ગુજરાતી ભાષા બની છે. હા, ગુજરાતીભાષા બનવામાં બીજા અનેક લોકોની પેઠે જૈનોએ પણ ફાળો આપ્યો છે, અને તે ફાળો કીંમતી પણ છે, પણ ભાષા જૈનોએ બનાવી છે એમ કહેવું એ તો "જૈન સાહિત્યમાં પ્રમાણભૂત ગુજરાતીભાષા છેજ નહિ." એમ કહેનારાઓનો પ્રતિવાદ કરવા જેવું છે. શ્રીમળી, ઓશવાળ, પોરવાડ, અને બીજા બધા જૈનો ગુજરાતની આસપાસના કે તળ ગુજરાતના મૂળવતની છે. જૈનોની

કોઇ પણ જ્ઞાતિ કોઇ પરદેશમાંથી ભાષા લઇને ગુજરાતમાં રહેવા આવી નથી. હાલની પેઠે પ્રાચીન કાળે પણ બીજા બધા લોકની ભાષા તેજ તેમની ભાષા હતી. જૈન ધર્મ ગ્રંથોની ભાષા પણ ઉપર કહ્યું તેમ એક કાળે આખા દેશમાં જે ભાષા સામાન્ય સ્વરૂપે એક હતી તે ભાષા હતી. એકંદર લોકસમૂહમાથી જૈનોને જૂદા પાડવાનો પ્રયત્ન અવિચારભર્યો અને અપ્રમાણભૂત છે.

સોળમા શતકની ભાષા સામે સૌથી મોટામાં મોટો વાંધો રજુ કરવામાં આવે છે તે એ કે નરસિંહ મહેતા સોળમા શતકના કવિ છે અને તેમની કવિતા હાલની ગુજરાતીભાષામાં છે, માટે સોળમા શતકની ભાષા તે હાલની ભાષા જેવીજ હોવી જોઇએ. આ વાંધો રજુ કરનારાઓને સૌથી પહેલાં આપણે એટલું પૂછવું જોઇએ કે જે કાળની ભાષા ઉપર તમે અભિપ્રાય આપો છો તે કાળે લખાયેલું એક પણ પાનું હાથમાં લઇને બોલો છો કે ફક્ત અનુમાન ઉપરથીજ અભિપ્રાય આપો છો? પૂરાવો છે એમ કહેતા હોય તો તે બતાવો. ધ્યાનમાં રાખવું જોઇએ કે પાંચસેં વર્ષ ઉપરનો પૂરાવો જોઇએ છે. બસેં વર્ષ ઉપર લખાયેલા ગુટકામાં આમ છે ને અઢીસેં વર્ષ ઉપર લખાયેલા પાનામાં આમ છે, એમ કહેવું એ પૂરાવો કહેવાય નહિ. ભાષાનો ખાત્રી ભર્યો પૂરાવો તેજ કહેવાય કે જે કાળની ભાષા માટે આપણે બોલતા હોઇએ તે કાળની આસપાસનાં પાંચ પચાસ વર્ષની અંદર લખાયેલું હોય.

સોળમા શતકની ભાષા હાલની ભાષા જેવી હતી એમ કહેનારાઓ એ કાળમાં લખાયેલા એક પણ પાનાનો પૂરાવો આપી શકતા નથી; એથી ઉલટું જૂનાં પાનાંપોથાંનો અભ્યાસ કરીને બોલે છે તે

તો એકેએક એકમત થઇને કહે છે કે એ કાળની ભાષા હાલની ભાષા કરતાં જુદી હતી. એક બે નહિ પણ સંખ્યાબંધ પાનાં અને પુસ્તકો બતાવીને ખાત્રી કરવામાં આવે છે કે એ કાળની ભાષા હાલની ભાષાથી જુદી હતી. "ગુજરાત શાળાપત્ર," "બુદ્ધિ પ્રકાશ," "વસંત," વગેરે ભાષાસાહિત્યની ચર્ચા કરનારાં પત્રોમાં આવા ઘણા પૂરાવા પ્રસિદ્ધ થયા છે. અનુમાનથી બોલનારા દુરાગ્રહ રહિત હોય તો તેમની ખાત્રી થાય તેવા દરેક પ્રકારના પૂરાવા મળી શકે એવું છે.

નરસિંહ મહેતાની કવિતા પર વિચાર કરતા પહેલાં નરસિંહ મહેતાના કાળની ભાષા માટે આપણી ખાત્રી થાય તેવા થોડાએક પૂરાવા જોઇએ.

સં. ૧૫૮૩નું ખત.

"ઓં । સ્વસ્તિ શ્રી સંવત્ ૧૫૮૬ વર્ષે (શ્રી) ગૂર્જર ધરિત્ર્યાં સકલ રા(જાવલી) સમલંકૃત પ્રૌઢ પ્રતાપ (સકલ) રિપુ વર્ગ દહન દાવાનલ અરિકુલવરુથિની ગ (જઘટાકું) ભસ્થલ વિદારણૈક પશ્ચાનન (મહારા)જાધિરાજ (પાતસાહ) શ્રી શ્રીશ્રીશ્રીશ્રી બાહદરસાહ સંજ્ઞે શ્રી અહિમદાવા(દ સમી) પસ્થ રાજપુરે કદાયાધિકારે કાદી શ્રી શેખ ફરીદસંજ્ઞે તથા પંચદીવાનાધિકા(રે મુ)ખતે મીરકોઇ કો(ટ્પા)લમંડિપિ કાયાં સર્વવ્યાપારે ખાન શ્રીમુખતે (સકલ) તલાર વ્યાપારે મહં કાહ્ના નાકરસંજ્ઞેસા....મમી० ચિરજીસંજ્ઞે તથા પંચકુલ

પ્રતિ(પ)ત્તૌ દાયકગ્રાહકયોર્વંચનાત્ વિક્રીયમાણાઃ ભૂમેઃ પત્રમભિલિખ્યતે । પૂર્વં દાયકગ્રાહકયોર્નામ લિખ્યતે । દાયક વૃદ્ધસજ્જને સોની લહૂઆ આસા, લાડણ (આસા), (સં)ઘા આસા, કાશી રણાયર આસા ।....ગ્રાહક પરી૦ આસા સૂદા, રવા સૂદા, વિણહૂ સૂદા, જાદવ દમા સૂદા, લાખા–નગા સૂદા, સાંગણ કસા સૂદા શ્રી બદૂઆ । સો૦લહૂઇં, લાડણઇ,શંઘઇ,કાશીઈ, ઉત્પંન (કા)ર્યવશાત્ આપણી ભૂમિ સાહ સામલના પાડા મધ્યે હૂતી તે ભૂમિ રાજ્યટંકા ૮૦૪ આંક આઠસઈ જાદવ, લાખા, સારણનઈ આપી સહી । તે ભૂમિ પરી. આસાઈ, રવાઇ, વિણહૂઇ ચિરોત્તર માટઇ વેચાતી પરી૦ આસાઇ રવાઇ વિણરૂરૂ જાદવ(ઇ) લાખઇ સારણઇ આપણઈ કબજી કરી દ્રામ એક મૂઠિં ગિણી આપ્યા સહી । તે દ્રામ સો. લહૂઇ લાકણઇ શંઘઇ કાશીઇ આપણઇ જમણઇ હાથિં સંભાલી લીધા સહી । પૂર્વ પશ્ચિમ પ્રે. કસા અબા વનાના કેહર (।) લગઈ ગજ ૧૬ તથા ઉત્તર દક્ષણ દાલીયા લાડણ જીવા (ગાંગા) મહિરાજની એકઢાલી પછીતથી વાટ સૂધા ગજ ૩૫ । એવમ જમ લઇ સર્વ થૈ ગજ ૫૬૦ અંકે પાંચસઈ સાઠિ પૂરા । અથા ઘાટઃ । પૂર્વ શ્રે. કસા અબા વનાનૂં ફેલીહ । દક્ષણ દાલીયા લાડણ જીવા ગંગા મહિરાજ । પશ્ચિમ પરી૦ દમા આસા સૂદાનૂં ફેલીહ । ઉત્તરં હીડવાનુ માર્ગ શેરીનુ । તથા એવં

વિધી ભૂમિઃ પરી૦ આસા રવા વિણ્ડ જાદવ લાખા સારખુ આ ચંદ્રાર્કં ભોક્તવ્યા । લહૂઆ લાડણુ શંઘા કાશીદાસ સંબંધો નાસ્તિ । એ ભૂમિનઈ કીધઇ કો દાવુ કરઈ તેહનઇ લહૂઆ લાડણુ શંઘા કાશી પ્રીછવઈ । પ્રદત્ત મતાનિ સાક્ષણુઃ

अत्र मत्रं

सौ. आसा सूत लहूआ मतं શ્રી દીવાન અમલખાન
सोनी आसा सत लाडण मतं શ્રી ફકરદી સરખાન તલાટ
सौ: आसा सेत शंघा मतं રાજપોર અમલ અંભરિમી
सोनी रणायर सूत काशी मतं રાહુતા × જણા દાસ ખત
૧ એક ૮૦૪ શિ આઠ ટંકા ચારિ ભૂમ તો × × લખિત સોની આસા સત મોવીસા ખરીદ પરીખ આશા ર(વા) વિણ્ડૂ લખા જાદવ સંવત ૧૮૫૩ માહા શ. ૯ બુ(ધ) તેરીખ ૧૦

સં. ૧૫૯૯નું ખત *

સ્વસ્તિ શ્રી નૃપ વિક્રમાર્કં સમયાતીત-સંવત ૧૫ આષાડાદિ ૯૯ વર્ષે શાકે ૧૪૬૫ પ્રવર્તમાને જ્યેષ્ટ વદિ ૧૧ ભૂમે અદ્યેહ શ્રી અહિમદાવાદ વાસ્તવ્ય-ગ્રહણકપત્ર મભિ

* આ બેઉ ખત મને સાક્ષરશ્રી કેશવલાલભાઈ પાસેથી મળ્યાં છે.

લિક્ષતે। શ્રી ગુર્જ્જરધરિત્ર્યાં સમસ્ત રાજાવલી સમલંકૃત–સકલ અરિવિરૂથિની ગજઘટાકુમ્ભસ્થલવિદારણૈક પચ્ચાનન–અલક્ષવરલબ્ધરાજ્ય–શ્રી સ્વયંવરમાલાલંકૃત કણ્ઠકન્દલ—ભુવનકુલતિલક–મહારાજાધિરાજ—પાતસહા—શ્રી શ્રી શ્રી શ્રી શ્રી સુરત્રાણ–મહિમ્મુદવિજયરાજ્યે વિજારત્યાં શ્રી અફજલષાંન। તત્સમએ રાજા અહિમદાવાદ મધ્યે। ધર્માધર્મ વિચારણાર્થે કાદી શ્રી નસીરદી સંજ્ઞે ન્યાયવૃક્ષપાલનૈકમુષતે। દુર્ગપાલ શ્રી અફતિષાલ મલિક સંજ્ઞે। મીરકોઅસાષ શ્રી પીરોજ મલિક। જામતિ મણ્ડપિકાયાં શ્રી નગદલમલિક। હવેલ્યાં મી. નૂરદી મી. જલાલ। એવં પંચ કુલપ્રપતિતૌ। ઢીંકૂએ પટિલ–હાજા–નામધ્ય–પોલિ તત્ર મોદી જસા સુત મોદી સારણ તત્પુત્ર નરાઈણિદાસ પરં મોદી હાદાસુત તાપીદાસકેન ગ્રહં ગ્રહણકે દત્તાનિ। ગ્રાહકનામ શ્રીશ્રીમાલી જ્ઞાતીય પરીક્ષ હાબડ સુત પ હાંસાં તત્પુત્ર ૩ પદ્મા–ઉદયકરણ–રત્નાકેન ગૃહીત્વા। યત રાજ્યનાણકે ટંકા ૮૦૦૪ અંકે આઠ સહિશ્ર ચિડોત્તર બધત્રસુપરીક્ષત એક મુંષ્ટાનિ દત્તાનિ। ડુઢીઊ ૧ નવૂં ટંકા ૬ લેષઈ। અંકે છ લેષઇ। ઘર ગ્રહણે। ઘર ષડકીબધ મધ્ય ઉપવર્ગ ૨ ગોઆરિ ૨ પરસાલિ આંગણ સહિત સન્મુષ છાપરૂં પકવેષ્ટ વલી–ષાપ–નલીઆ–બારત–કમાડ સહિત ષડકીબધ ગ્રહણે મૂક્યાં। મોદી

નરાઇણદાસ તાપીદાસ એણઈ મૂંકયાં । ભાઈ ૩ સહા પદમા ઉદયકરણ રંગા કહ્યઇ મૂંકયાં । પાર્શ્વ ઉ-તરઈ મોદી ધના સુત સમધર સાયરનાં ઘર । ઘરપાર્શ્વ પૂર્વે મોદી તાપીદાસ નરાઇણદાસનાં ઘર । દક્ષણે ષડકી । તત્ર અગ્રે પાટિક માર્ગ । એવં ૪ ષૂંટ । એ ઘર પરઇ આખરઈ રાજકિ દૈવકિ લાગઈ તે તથા નલીઆખોટિ ધણી છોડવતાં સર્વ વરતી આપઇ । સંચરામણી વસનાહારની । જાં લગઇ ટંકા આઠ સહિશ્ર ચિડો-તર આપઇ તિહારઇં છુટઈ તાં લગઇ ભાઈ ૩ પદમા રંગા ઉદયકરણ વસઇ વાસઈ । બંધી અવધિ વરિષ પની । વરિષ પાંચ પછી છોડવઈ । વલતી એ માસ ૧ પ્રતિ ટં૦ ૨૫ વલઈ । વરિષ ૧ ના ટંકા ૩૦૦ વલઈ ઘર ભાડું નહીં । દ્રામ વ્યાજ નહીં । ષાલ–પરનાલ–ની છારવાટિક પૂર્વારીતિ સંબંધ । મોદી નરાઇણદાસ તાપીદાસે ઘર ગ્રહણે ૫૦ પદમા ૫૦ ઉદયકરણ રંગા કહ્યઈ મૂંકયાં । અસ્ય લષિત વિધે પરિપાલન્યાય ॥

પછઇ એહિવૂં પરઠયૂં । ટંકા ૩૦૦ વરસ ૧ના વલઇ । ઓરડા બિ મધ્ય ભાગલા તે બેહૂ ૫. પદમા ૫. ઉદયકરણ રંગાના ॥

અત્રમતં । અત્ર સાખિ

૧ મોદી હાદાસુત (આશરે ૨૮ સાક્ષી છે.)
તાપીદાસ મતં ઊપર લીખ તે
પરમાણ

૧ મોદી શરણદાસ
સુત નારાણદાસ મતં

રા. છગનલાલ વિદ્યારામ રાવળે જૂની ગુજરાતી ભાષાના કેટલાક નમુના 'ગુજરાત શાળાપત્ર'માં પ્રકટ કર્યા છે. જેમાંના એકનો નમુનો પ્રમાણે છેઃ—

ભુવનદીપકનું ભાષાંતર

"સંવત્ ૧૫૫૭ વર્ષે અશ્વિન માસે ૧૩ સોમે। કંડોલ જ્ઞાતીય। જોસી જગનાથ॥ જોસી રંગા લખ્યતં॥

"મંગલ રક્તવર્ણ જાણિવુ, બુધ બૃહસ્પતિ સુવર્ણ જાણિવુ, રવિ ગૌર જાણિવુ, ચંદ્ર આકમંદારના ફૂલ સરીખુ જાણિવુ, બુધ નિલુ જાણિવુ, શનિ રાહુ કૃષ્ણા જાણિવા। શનિ રાજા, ચંદ્ર તપસ્વી, મંગલ સોનાર, બુધ બ્રાહ્મણ, ગુરૂ વાણિયુ, શુક્ર વૈશ્ય, શનિ દાસુ, રાહુ મચહુ, એતલાં મૂલ ધાતુ જીવ ધાતુ બોલી। હવઇ ધાતુ તણૂં સ્વરૂપ કહીશઈ × × × જુ પૃચ્છક ઉપમાના તણી પૃચ્છા કરિ તુ જુ શુક્ર ચંદ્ર પાંચમ્ સ્થાનક દેખઈ તુ શૂં કહિવૂં। પુત્ર જન્મ હુશઈ। અથવા દેખઈ તુ પુત્ર નથી। ગ્યા દીહાડા તણૂં ફલ બોલીશિ।"

આ ભાષાંતર પ્રસિદ્ધ કરતાં રા. છ. વિ. રાવળ ટીકા કરે છે છે કે "જ્યારે વિ. સં. ૧૫૫૭ એટલે નરસિંહ મહેતાની હયાતી પછીની આપણી ભાષા આવી છે, ત્યારે મહેતાના વખતની કેવી ભાષા હશે તે વિચારવા જેવું છે."

(શાળાપત્ર અંક $\frac{૧૧}{૧૯૦૯}$)

સ્વપ્નાધ્યાયનું ભાષાંતર.

"સંવત્ ૧૫૮૨ વર્ષે શાકે ૧૪૪૮ પ્રવર્તમાને ઉત્તરાયને જ્યેષ્ટ માસે કૃષ્ણપક્ષે દ્વાદશ્યા તિથૌ બુધ દિને બાંભણનેર વાસ્તવ્ય

મોઢ જ્ઞાતિય...*લિખિત" "શ્રી બૃહિસ્પ (તિ) કૃત સ્વપ્નાધ્યાય+"ના અર્થની લખેલી પ્રતિ મારી પાસે છે, તેનો નમુનો આ પ્રમાણે છેઃ—

...ક્ષીરવૃક્ષ ફલ્યાં દિશિ, એકલુ ચડિ તત્ર બિસિ તુ ધન પામિ ઉતાવલું એ વિચાર ॥ ૮ ॥ આંબુ બીલ કુઠ ફલ્યાં દીસિ। વધા પામીઈ, બુધ્ય રૂડી ઉપજિ ॥ ૯ ॥ પ્રાસાદ માહિ જમિ, સમુદ્ર માંહિ તરિ, તુ ગુલામનિ કુલિ જન્મ હુઈ તુ પણ રાજા હુઈ ॥ ૧૦ ॥......નાવ્યે ચઢી અનિ ચાલિ તુ જે કોઈ ગમાતરિ ગીઉ હુઈ તે આવી ઉતાવલુ એ વિચાર ॥ ૧૫ ॥ નીમાલા વિલૂસ્યા દિસિ, દાંત પડયા દિસિ તુ ધનની હાંણ કહિ। ડિલિ આધ આવિ ॥ ૧૬ ॥...ભિસુ અથવા ભોટડુ, ઊંટ અથવા ગર્દભિ ચડી ચાલિ દક્ષણ દિસિ તુ થોડા ધાહાડા માંહિ મૃત્ય આવિ ॥ ૧૯ ॥ ધુલાં વસ્ત્ર પહરિ, સ્ત્રી વેષિ ધુલૂં લેપ કીધ દેખિ...લક્ષ્મી આગમ કરિ ॥ ૨૦ ॥...ધૂલું સઘલું રૂડું। એતલાં નિખર। કપાસ, રાખ, હાડ, છાસ। કાલૂ સઘલૂં નિખર। એતલાં રૂડાં। ગાય તથા ઘોડાં...શુણામાંહિ ઈમ દેષિ જે, ધૂં પીઊંછૂ અનિ કૂયાં મધ્યે પિઠાછૂ। અથવા બલતા માંહિ પિસિ, તુ તેહનિ લક્ષ્મી છાંડિ॥...વાંકુ મૂડુ, કાલુ, પિંગલુ, હસતુ, નાગુ, એહવુ દેષિ તેહનિ મૃત્ય ઢૂકડૂ આવિ ॥ ૫૦ ॥ રિતવંતી સ્ત્રી જાૂયારી......

---

*નામ ઘસાઇ ગયેલું હોવાથી વંચાતું નથી. +આ પ્રતિ પડિમાત્રામાં છે.

વૈદિકસંસ્કાર વિધિ* નાં પાનાંના ટૂકડા મને મલ્યા છે, તેમાં વૈદિકમંત્રો સાથે વિધિ કરવા બાબત આ પ્રમાણે લખ્યું છેઃ—

"ત્રાબાનો છર લ્યઈનિ ભણિયિ...એણે મંત્ર કાપિયિ પૂર્વવત્। લોઢાનિ છર કાપીયિ। પિહિલૂં...ત્યાહા મૂકિ।... પાણી મૂકિ। ડાવિ પાશિ—વિષ્ણોર્દંષ્ટ્રા......ચુથુ ચોટલુ એણિપરિ કાપિ। મંત્રન ભણિ...બેહુ હાથ ઉભા કરી માથિ લગાડી નિ...લિ રહીનિ પેરાવિઈ। ભૂરિનિ દર્ભ પિંજુલી...અથ વીરતરેણુ। તીર લ્યઈનિ ભણિ...કરિ। શીશોલીયુ ત્યોહોઠામિ ઘાલું।......મંત્ર ભણિયિ। કિંપશ્યસિ પ્રજાંપશૂ પુમાનગ્નિશ્ચ વાયુશ્ચ પુમાન્ ગર્ભસ્તવો...પ્રાયશ્ચિત્ત સરૂઆ, ૪ પાફ શિરા=સંદિ...સૂઆરીયિ। પશ્ચિમાભિમુખ બિશિ ઉત્તરા પ્રસ્તરણ સ્તરિ। પાગલ્યા ગલિ। ગૃહ્યોક્ત શૃંગા આણિ। વડનિ તેટા સાથિ...કરિ પછિ પિંડ વિસર્જિ। અગ્નિ સ્થાપનં...સો મિત્રા વરુણો પુમાન્।. સાવશ્વિનાવુભૌ ॥

હોમિ। ડાભની શેર કૂટી હેટી લગાડીન ભણિ। વિષ્ણુ... અઘણ્યાંતિ તે ઊપરિ બિશિ યમણે હાથે યમણા ખભા ઉપરિ કરીને નાભિ દેશની વિધિ અભિમર્શન કરી...

---

*આ પાનાંમાં કેટલેક ઠેકાણે પડીમાત્રા અને કેટલેક ઠેકાણે ઉપર માત્રા છે. વચ્ચેના થોડા તૂટક કકડા મળેલા હોવાથી લખ્યાસાલ મળી શકી નથી, પણ તે સં. ૧૬૦૦ની આસપાસની હોવી જોઇએ.

*વિક્રમચરિત્રની વાર્તા.

મધૂસુદન નામના કોઇ કવિએ ગદ્યપદ્યમાં રચેલી વિક્રમચરિત્રની વાર્તાનાં થોડાં પાનાં મારા હાથમાં આવ્યાં છે. નમુનો* આ પ્રમાણે છેઃ-

દેષિ કણક અનિ કાકણાં, મોતી હાક અમૂલિક ઘણાં;
દેખિ ભમિ ભમર રણઝણિ, **કવિ મદસૂદન તુ ઈમ ભણિ.** ૧૬૩

× × ×

તહિ આ ઘોડુ આગલ કરી, ટાડે રિહિજો વાઘિ ધરી:
વેલા જે વર **પુહુકવા** તણી, **અહ્મ** વેલા **હુસિ** અતી ઘણી. ૧૮૪

× × ×

માંગલુર રાકનોજહ તણુ, અલખ દેશ **તેહનિ અતીઘણુ;**
ભીમરાઇ તેહનુ સૂત હોએ, તે વર આંહાં **પધારિ** સોએ ૨૦૭
લગન પછી **તહિ** જાઉ દેશ, **તહ્મનિ પુહુચાડૂં** નરવેસ;
વિક્રમચરીત્ર કિહિ લક્ષ્મણ રાત, માની **અહ્મિ** તહ્મારી વાત. ૨૦૮

× × ×

પ્રથમિ પૂતલી બોલી । રાજાભોજ ઇણિ **સંઘાસનિ** તે બિસિ જે અપાર **ઉદ્દાર્યગુણ** હુઈ । **અનેરૂ** સામાન્ય ન **બિસિ** । **તુ** પૂતલીના બોલ સાંભલી રાજા અપાર વીસ્મય હવુ । રાજા **બોલ્યું** । **મુ સમુ ઉદાર્યગુણ કુણ છિ** । **તુ પૂતલીઈ** કહૂં । રાજાભોજ **તૂં સમુ અનેરૂ** નીચ કોએ નથી । જે **આપણુ** ગુણ-

*આ પ્રતિની લિપિ જોતાં તે સત્તરમા સૈકાના પાછલા ભાગમાં લખાઈ હોય એમ લાગે છે. લખનારે કોઇ કોઈ શબ્દોનાં રૂપ બદલી નાંખેલાં લાગે છે.

આમ આકૃણી કિહિ। તુ તે સાંભલી રાજા અપાર લાજ્યુ। હેઠું જોઇ રહ્યું. તુ રાજાઈં પૂછ્યૂં। એ કિહિનૂં સંધાસન છિ। તે કિસ્યુ ઉદાર્યગુણુ। તુ રાજા પૂછિ પૂતલી કિહિ છિ. અવંતી નગરી। રાજા શ્રી ભર્તિર રાજ્ય કરિ, ભાન્યવંતી પટરાગ્ની। અપાર વલ્લભ। તીણી નગરીઈ વીપ્ર એક વસિ। અપાર દરીદ્રી। તુ તીણિ બ્રાહ્મણિ દેવતા ભવનેશ્વરી આરાધી। દેવ્યા પ્રસન થઇ। તે બ્રાહ્મ...અમરફલ એક આપ્યૂં...મૂંહનિ અમરફલ આપ્યૂં। તુ મિ વીમાસ્યૂં। હૂં દરીદ્રી। માહારિ અમરપણિ સ્યૂં કાજિ"...

સંવત્ ૧૬૦૦ પછી ભાષામાં કેટલો ફેર પડયો તે નીચેના ઉતારા પરથી સમજાશે.

સુરતના એક બ્રાહ્મણે પોતાના સંસ્કૃત પુસ્તકના ઉપલા પાના પર આ પ્રમાણે નોંધ કરી છેઃ—

નોંધ.

"સંવત્ ૧૬૬૨ વર્ષે જેષ્ટ વદિ ૧૧ નિ દ્યાડે છેલી ખડકીના લાકડા ૪ ઉા સૂરજીએ મૂકયા છિ તેહની વક્તિ. કોપરી ૨, સૌભાગ્યવતી ૧, ઢાકણૂ ૧."

"સંવત્ ૧૬૭૪ વ/ વૈશાખ શુદિ ૨ શુક્રે ઉા ઉદ્ધવને વાસ ૨૧ આપ્યા છિ. આગળ છાપરી કરવા થાભલી ૧ નાહ્નડી લીધી છિ તે દેવી"

" સંવત્ ૧૬૭૦ વર્ષે આષાઢ વદિ ૧૧ ભૃગો રાઉઠી શંધજીને ઘેર રત્નાબાઇ રાખ્યા છિ, માસ ૧ દોકડા ૫ા ભાડૂ ॥...૧ ભરૂચી ૧ રોકડી। જા। અગ્નિદત્ત હસ્તે પ્રતિ ડોઢીઆ ૧૫ા ગરેણે ઘર છિ। ૧ સં. ૧૬૭૨ વર્ષે ૨। શંધજીની ક્રિયા ઉપેર ભરૂચી ૧

લોઢા પુત્ર હસ્તે પ્રતિ ડોઢીયા ૧૬" "સંવત્ ૧૬૭૩ વર્ષે આખાઢ શુ ૯ ગુરૂ...અગાસનૂં **આગલ્યૂં** છાપરૂ ઉચલાવ્યૂં તેનો મેળ. ।"

સં. ૧૭૦૦ પછીનું ખત.

આષાડાદિ સંવત્ ૧૭૦૭ના શ્રાવણ સુદિ ૩ રવિવારે લખેલ એક ખતમાં અમદાવાદનું એક ઘર વેચાણ આપ્યાની હકીકત છે. એ ખત સન ૧૮૭૩ના ફેબ્રુઆરી માસના 'બુદ્ધિપ્રકાશ"માં છપાયું છે, એનો નમુનો આ પ્રમાણે છે:—

'ઘર ૧ તે મધ્યે ઉરડુ ૧ પશ્ચિમાભિમૂખનું, અગ્રે **પટસાલ**, તે **પટસાલનાં** દ્વાર ૨ છિ, તે ચુક મધ્યે **પડકી છિ, મિહિલાંઇએ** ઘરના દ્વાર સેરી મધ્યે ૨ છિ, ઉત્તરાભિમૂખે તથા નેવ ઓટલાનું **સમંધ** સહિત તથા **પાડાકે** તથા **વાડાનું સમંધ** સાધ્ય તથા એ ઘરના બે ચાલ સહિત એ ઘરનાં ભીતડા, **બારૂત**, કમાડ, મોભ, વલી, પાપ, નલકેરા છ્યાદિત"'.........વગેરે.

પારસીઓએ લખેલો દસ્તાવેજ.

સંવત્ ૧૭૨૮માં નવસારીના પારસી મહેરજી ચાંદણાને ત્યાંના પારસીઓએ એક લેખ લખી આપેલો, તે "તવારીખે નવસારીમાં" પૃ. ૨૦૩-૨૦૪ ઉપર છપાયો છે, તેમાં મહેરજીને બદલે **મિહિરજી**, ને તે બદલે **નિ**, કોલને બદલે **કુલ**, છીએ તે બદલે **છૈ**, પાસે ને બદલે **પાસિ**, કરે ને બદલે કરિ, બેશીને બદલે **બિશિ** એવાં રૂપ છે.

એક પારસી પુસ્તકમાંથી.

સંવત્ ૧૭૧૮માં લખાયેલા પુસ્તકમાંથી જુનાગઢ બહાવદીન

કોલેજના પ્રોફેસર હોડીવાળા પારસી તવારીખના નિબંધમાં નીચેનો ઉતારો આપે છે.

"હવે સંવત ૧૭૧૮ વાળી જુની કેતાબમાં નીચે પ્રમાણે એ નોંધ લખેલી મળે છે:—

"શ્રી આતશ **બીહીરામ નુસારીમાં** પધારેઆ તેનું વરસ તથા રોજ **મહીનુ લખેઉ છી"** (લાલ સહીનું મથાળું).

"સંવત ૧૪૭૫ વરખે માહા શેહેરેવર રોજ મેહેસપંદ આખાડ શુદ ૫) બુધે શ્રી આતશ**બીહીરામ** ગહંબાર **માહો૦** થાનક પધારેઆ. શંજાણથી **વાસદી** આવેઆ પછી તાંહાંથી બેહેદીની અનજમન મળી **નુસારી** લેઇ આવેઆ. આ લખેઉં તે પોથુ ઇજિશનીનું દસતુર હમજીઆર રામ શંજાણાનું કદીમ જુનું પોથું હતું. તે જોઈ **લખેઉં છી."** (કાલી શાહીમાં.)

(મુંબઇ સમાચાર તા૦ ૨૦–૧૧–૧૩)

આ× પૂરાવા જોતાં સંવત્ ૧૭૦૦ પછી પણ લોકવ્યવહારમાં છેક સુરતજીલ્લા સુધી 'છે' ને બદલે 'છિ' વગેરે છકારવાળાં રૂપ વપરાતાં ચાલતાં રહેલાં જણાય છે. વડોદરાના નાકર* કવિએ સંવત્

× ઉપરના બધા ઉતારા જૈન નહિ એવા લોકોના લેખના છે. જૈનોના પુસ્તકમાંથી પૂરાવો આપતાં "એ તો જૈનભાષા છે" એમ લાગવાનો સંભવ છે જાણીને જૈન ભંડારનાં ઢગલાબંધ પુસ્તકોનો જાણી જોઇને અહીં ઉપયોગ કર્યો નથી.

*'પ્રાચીન કાવ્ય'ના સંપાદકે નાકરને સંવત્ ૧૭૦૦માં થયેલો માન્યો છે, પણ તે તદ્દન ખોટું છે. નાકરનાં બધાં કાવ્યોમાં સ્પષ્ટ રીતે સોળસેંની આસપાસની સંવતો લખાઈ છે અને તેની ભાષા પણ સોળસેંના કાળની ભાષાને મળતી છે.

૧૬૦૧માં ભારતનાં **વિરાટ** વગેરે **પર્વો** ગુજરાતીમાં રચ્યાં છે, **એની સંવત્** ૧૭૧૧માં લખાયેલી પ્રતિ મારી પાસે છે, જેમાં ઇકાર ઉકારવાળાં બધાં રૂપ ફેરવીને એકાર ઓકારવાળાં બનાવી દીધાં છે. એજ પ્રમાણે સંવત ૧૬૨૪માં રચાયેલું અને સંવત્ ૧૭૧૨માં લખાયેલું વસ્તાનું **શાન્તિપર્વ**, સંવત્ ૧૭૧૪માં લખેલો વજીઆ કવિકૃત '**સીવરા મંડપ**', સંવત્ ૧૭૧૭માં લખાયેલું પૂઢા કવિકૃત '**રૂક્ષમણી હરણ**' એ વગેરે ગ્રંથોમાં ઇકાર ઉકારવાળાં રૂપોને બદલે એકાર ઓકારવાળાં રૂપ છે. એ ઉપરથી એવી ખાત્રી થાય છે કે સંવત્ ૧૭૦૦ પછી લોકોમાં ઈકાર ઉકારવાળા ઉચ્ચાર ચાલતા હતા, પણ શિષ્ટજનોમાં એકાર ઓકારવાળાં રૂપ રૂઢ થઇ ગયાં હતાં, અને એ કાળના લેખકો તેમજ કવિઓ એ નવાં રૂપોને પ્રમાણભૂત માનતા હતા.

આ અને આવા પ્રસિદ્ધમાં આવેલા અનેક પૂરાવા જોયા પછી શું આપણી ખાત્રી થાય એવું નથી કે સોળમા શતકની ભાષા તે હાલની ગુજરાતીભાષા જેવી નહિ પણ તેના પૂર્વસ્વરૂપની ભાષા હતી અને ઈકાર ઉકારવાળાં રૂપ તે જૈનભાષાનાં નહિ પણ જૂની ગુજ-રાતી ભાષાનાં છે. ઉત્તર ગુજરાત અને કાઠિયાવાડના કેટલાક ભાગમાં તો હજુ સુધી કેટલાક જૂના શબ્દો અને જૂનાં રૂપો વપરાય છે. 'સાંકળવાસી' એમ કહેવાને બદલે "**સાંકળ વાખી,**" "કહે છે" ને બદલે '**કિસિ**' 'મોઢા'ને બદલે 'મૂહું,' એ આવ્યા' એને બદલે 'ઈ આવ્યા, 'એમનું' એને બદલે ઈમનું' એવા ઉચ્ચાર હજી ચાલે છે. ભીખ માગતા ફરતા ઉત્તર ગુજરાતના બ્રાહ્મણો 'શંકર **વસિરે** કૈલાસમાં' એ પદ લલકારે છે, ઉત્તર ગુજરાતના રસોઇઆ મૂહું,

મુંવાડુ, મુઢેરા, એવા ઉચ્ચાર કરે છે, ચરોતર જેવા એકાર ઓકારનો અતિક્રમ કરનારા પ્રદેશમાં પણ વાઘરી જેવી પાછળ પડેલી જાતો (કે જે હમેશાં આચાર વિચારમાં તેમજ ભાષામાં પણ જમાનાની પાછળ હોય છે તે) હજુ પણ 'બેશી રહે' કહેવાને બદલે 'બિશિ રહે,' 'પિશિ ગઇ' એવા ઉચ્ચાર કરે છે. શું આ બધા ઉપરથી એમ નક્કી થતું નથી કે ઇકાર ઉકારવાળાં રૂપ તે ગુજરાતીભાષાનાં પૂર્વરૂપ છે અને એ બદલાયલો કાળ તે બહુ પાસેનો કાળ છે.

નરસિંહ મહેતા સોળમા શતકની શરૂઆતના કવિ છે અને સોળમા શતકની ભાષા હાલની ભાષા કરતાં જુદું રૂપ ધરાવતી ભાષા છે, તો નરસિંહ મહેતાની કવિતા વીસમા શતકની ગુજરાતી ભાષામાં હોય તેવી છે એનું કારણ શું? કારણ એ છે. નરસિંહ મહેતાની નહિ એવી ઘણી કવિતા નરસિંહ મહેતાના નામ પર ચઢી ગઇ છે. રા. છગનલાલજી વિદ્યારામ રાવળે સં. ૧૭૦૮માં થયેલા કવિ વિશ્વનાથ જાની કૃત 'હારમાળા'ની લખેલી પ્રતિ શોધી કાઢી છે. એની હકીકત આપતાં 'ગુજરાત શાળાપત્ર પુ. ૬૮૭'માં તેઓ લખે છે કે "આ હારમાળાનું કાવ્ય બૃ. કા ના છઠ્ઠા ભાગમાં નરસિંહ મહેતાના નામથી પ્રસિદ્ધ થયું છે." "વૈષ્ણવજન તો તેને કહીએ, જે પીડ પરાઇ જાણેરે;" એ પદ 'બૃહત કાવ્યદોહન'માં નરસિંહ મહેતાને નામે પ્રસિદ્ધ થયું છે, તેમાં અને મંદિરમાં ગવાતાં પદસંગ્રહની મારી પાસેની જૂની પ્રતિમાં નીચે પ્રમાણે ફેર છે.

કા. કાવ્યદોહનની છેલ્લી ટુંક.	લખેલી પ્રતિ.
વણ લોભીને કપટ રહિત છે,	નિર્લોભી ને કપટ રહિત (છે)
કામ ક્રોધને નિવાર્યારે;	કાંમ ક્રોધને માર્યારે;
ભણે નરસૈંઓ તેનું દરશન કરતાં,	તે વીશ્ણવનાં દરશન કરતાં,
કુળ ઈકોતેર તાર્યારે. વૈષ્ણ.	કુળ છકોતર તાર્યારે વીશ્ણ.
(કાવ્ય દોહનમાં આ પદ અહીં પૂરૂં થાય છે)	(લખેલી પ્રતિમાં તે આગળ લંબાય છે.)
	માયા માંહે લોપાએ નહીને,
	ધરે વઇરાગજ મનમાંહારે;

રાંમ નાંમ શુ તાલી રાખે, અડશેઠ તીરથ મન*માં હારે. વી૦
અદિ અંત એ વીશણવ કહાવે, ઇછે તેહેનો ધરમરે;
એણી વીધે સાધે હરી સેવા, ફરી નહી જનમને કરંમરે ॥ વી૦
ધ્રુ પહેલાદ અંબ્રીખ વીભીપણ, નારદ વીસ્નવ કાહાવેરે;
શુખજી શરખા ધાંન ધરે તે, ફરી ગરભવાસ ન આવેરે. વી૦
હુ બાલક અગનાંન મતી છઉં, કેમ કરી કાહાવુ શાચોરે;
ભગત વછલ પરભુ બ્રદ તંમારૂ, કરજોડી કેહે વાછોરે ॥ વી૦ ॥૮॥

સાધારણ બુદ્ધિથી આપણે સમજી શકીએ કે નરસિંહ મહેતો તાપી નદીની પ્રાર્થનાનું પદ રચે એ સંભવિત નથી; પણ મારી પાસેની એક પ્રતિમાં તાપીના એક પદની નીચે "કેહે નરશૈયો હું એટલું માગુ, જનમ જનમ તાહરો ॥૭॥ આ પ્રમાણે નવી ગુજરાતીના કાળના ખરા ખોટા ઘણા નરસૈયા નરસિંહ મહેતામાં ભળી ગયા છે. એ પહેલું કારણ છે. બીજું કારણ નવી ગુજરાતીનો કાળ ચાલતો થયો તે

*'મનમાં' છે ત્યાં તનમાં હોવું જોઇએ.

પહેલાં લખાયેલી નરસિંહ મહેતાનાં પદની કોઇ પ્રતિ મળતી નથી, તે છે.

સત્તરમા શતકમાં જૂની ગુજરાતીનો યુગ બદલાઇ ગયા પછી નવા યુગના ગાનારાઓને તેમજ પદોનો ઉતારો કરી લેનારાઓને અર્થમાં ગુંચવણ કરનારા જૂના કાળના ઇકાર ઉકારવાળા શબ્દો સાચવી રાખવની જરૂર નહોતી. ભજનના રાગ, અર્થ અને સરળતા એજ એમને જોઇતું હતું, ને ઉચ્ચારના સ્વાભાવિક પ્રવાહમાં તેટલુંજ સચવાતું હતું. નરસિંહ મહેતાની પેઠે શ્રીધર, ભાલણ, ભીમ, નાકર અને બીજા ઘણા જૂના કવિઓનાં કાવ્ય ભાષાના નવા યુગમાં નવું રૂપ પામીને ગવાયાં છે અને નવું રૂપ પામીને લખાયાં છે. ભાષાના જૂના યુગમાં લખાયેલી પ્રતિઓ મળતી જાય છે તેમ તેમ આ વાત વધારે વધારે અજવાળામાં આવતી જાય છે.

સંવત્ ૧૫૪૧માં સિદ્ધપુરમાં થયેલા ભીમ કવિએ 'હરિલીલા ષોડશ કળા' નામનું કાવ્ય રચ્યું છે. એ કાવ્યની સંવત્ ૧૬૮૫માં લખાએલી પ્રતિ* ઉપરથી ઠાક્કરશ્રી નવલભાઇએ સન ૧૮૭૩ના ગુજરાતશાળાપત્રમાં જૂની ગુજરાતીભાષાના નમુના તરીકે થોડા ઉતારા પ્રસિદ્ધ કર્યા છે, તે અને 'બૃહત્ કાવ્યદોહન'માં એ આખું કાવ્ય પ્રસિદ્ધ થયું છે એ બેઉના નમુના આ પ્રમાણે છે.

---

* આ પ્રતિ 'ગુજરાત વર્નાક્યુલર સોસાયટી' માં હોય એમ લાગે છે. 'સોસાયટી'ની ઓફિસમાં આ કાવ્યની સંવત્ ૧૬૭૪માં લખાયેલી પ્રતિ પણ છે, એવું જાનેવારી ૧૯૧૪ના 'બુદ્ધિપ્રકાશ' ઉપરથી જણાય છે.

ગુજરાત શાળાપત્ર (સન ૧૮૭૩). બૃહત્ કાવ્યદોહન ભા. ૪થો.

વરશ સહસ્ત્ર **અગ્યાર** શ્રીરામ,
રાજ્ય કરી **પુહુતા** નિજ ઠામ,
સિંહાસન **બિઠુછિ** કુશ રાઇ;
મોટુ તેહ તણો **મહિમાયિ.**
તેહનાં પુત્ર પૌત્ર અનેક,
તેહતણુ **કિમ** કહું વિવેક.
શબ્દ એક **હોઉ** આકાશ,
કંસ **તાહારો કરસિ** નાશ,
સમ્યક **વૈરી** જાણો તેહ,
એહનુ ગરભ **આઠમુ** જેહ,
આવ્યુ તેહાં કંસ ભૂપાલ,
ક્રોધ **કરીનિં** લીધું બાલ,
પગિ સાહીનિં કરિ વિનાશ,
તેટલિ કન્યા ગઇ આકાશ ૭૦
મુખ **જોઈ** માસી તણુ
વદનિ અંગુઠ ચરંણ,
સિંહ તણી ઘિરિ પરહુણુ
જાણે **આવ્યુ** હરણ. ૮૬
મૂંકિ મૂંકિ કેશવ તમ દાસ,
વલી નહી આવૂં **તાહારી**
પ.સ. ૮૮

વર્ષ સહસ્ત્ર **અગિયાર** શ્રીરામ,
કરી રાજ્ય **પહોંતા** નિજ ધામ;
સિંહાસન **બેઠો** કુશ રાય,
તેહ તણો **મોટો મહિમાય.** ૪૮
તેહ તણા પુત્ર પૌત્ર અનેક,
તેહ**તણો કયમ** કરૂં વિવેક.
શબ્દ એક **હવો** આકાશ,
કંસ **તાહરો કરશે** નાશ,
સમ્યક વેરી જાણ તેહ,
એનો ગર્ભ **આઠમો** જેહ ૧૭.
આવ્યો ક્રોધે કંસ ભૂપાળ,
વેગે **કરીને** સાહ્યું બાળ;
પગે સાહિને કરે વિનાશ,
તેટલે કન્યા ગઇ આકાશ. ૬૮
મુખ જોયું માસીતણું
વદને અંગુઠો ચર્ણ;
સિંહતણે ઘેર પરોણો
જાણે **આવ્યો** હર્ણ ૯૨.
મૂક મૂક કેશવ તમ દાસ,
વળી નહિ આવું **તારે પાસ**

આવો ફેરફાર છાપનારાઓએજ કર્યો હશે એમ માની લેવું જરૂરનું નથી. જૂની પ્રતિઓમાંજ આવો ફેરફાર કરી લીધેલો હોય છે અને આપણે પોતે નકલ કરવા બેશીએ તો પણ તેમ કરીએ એ સ્વાભાવિક છે. લખનારે "અક્ષરશઃ ઉતારો કરવાનો છે" એ પ્રમાણે ખાસ ધ્યાન ખેંચવામાં આવ્યું ન હોય તો લખનાર દરેક પ્રત ઉતારતી વખતે પોતાને શુદ્ધ લાગે એવું રૂપ આપવાને પ્રયત્ન કરે છે. જૂના કવિઓનાં કાવ્યોની અઢારમા ઓગણીસમા શતકમાં જે જે નકલો કરાઈ છે, તે તે દરેકમાં આવા ફેરફાર કરેલા છે. એકલા બ્રાહ્મણવર્ગના કવિઓનાં કાવ્યેજ નહિ, જૈન કવિઓનાં કાવ્યો પણ વધતા ઓછા રૂપાંતરથી બચવા પામ્યાં નથી. સંસ્કૃત "પંચોપાખ્યાન ઉપર ગુણમેરૂ નામના જૈન કવિએ સં. ૧૬૦૦ની આસપાસમાં જૂની ગુજરાતી ભાષામાં પંચોપાખ્યાન રચ્યું છે. એ કાવ્યની બે પ્રતિઓ મને મળી છે. એક પ્રતિમાં જૂની ગુજરાતીનાં રૂપ છે અને બીજીમાં આખી વાર્તા નવી ગુજરાતીમાં લખી છે. નમુનો આ પ્રમાણે છે.

પહેલી પ્રતિમાં.	બીજી પ્રતિમાં.
રાય કહિ સુત હૂયા ગુણી,	રાય વખાણે સુતને ભણી,
મંત્રિ એક બોલિઉ ઈમસુણી;	મંત્રી એક બોલો એમ સુણી;
લોકવિવહાર ન જાણઇ કસિઉ	લોકાચાર ન જાણે કસું,
તેહ ભણિઉ નવિ રહીઈ તિસિઉ;	તેહ ભણો નવી કેએ કસું.
કવિતા તે જે મુહિ ચરબરુ,	કવી તે જે મોહો ચરબરો,
રૂપી તે લાવણ્યઈ ખરુ.	રૂપે તે જે લાવણ્યવરો.

નાટક તે જે જાણઈ ભાવ,	નાટક તે જે ભાવ પીચાર,
પંડિત તે જાણઈ પ્રસ્તાવ.	પંડીત તે જાંણે વેહેવાર.
લોકવિવહાર જાણઈ જે રીતિ,	લોકવેહેવારજ જાંણી રીત,
તે સવિકહિ ઉપાઈ પ્રીતિ;	તે સરવેકહી ઉપાઇ પ્રીત;
તે નર યશ પામઈ જગિ ઘણુ,	તે નર જસ પામે જગ ઘણુ,
જે વિવહાર લહઈ જન તણુ. ૮૭	જે વીવહાર લેહે જન તણુ
લોકરુઢિ જે જાણઈ ધુરિ,	લોકરૂઢ જે જાણે ધુરે,
તે નર અર્થ લીલાઈ કરિ;	તે નર અરથ લીલાએ કરે.
કલેશ સહસ્ર પંડિ જુ વરઇ,	કલેસ સહીસ પંડીત આદરે
તુહિ અર્થ પૂરૂ નવિ સરઈ. ૮૮	તોહો અર્થ પુર નોવી સરે.

ઘણા જૈનધર્મગ્રંથો પર જૂની ગુજરાતીમાં ટીકાઓ લખાએલી હોવાથી પ્રાકૃતની પેઠે જૂની ગુજરાતી ઉપર પણ જૈનોની કંઇક ધર્મભાવના બંધાઇ છે. એથી જૈનગ્રંથોની ભાષાનું રૂપાંતર થોડું થયું છે: છતાં નવી પ્રતિઓમાં વધતું ઓછું રૂપાંતર તો થયુંજ છે.

આ રૂપાંતરનો ભેદ સમજી નહિ શકનારા લેખકો નવી પ્રતિઓની ભાષા ખરી માનીને સંવત્ ૧૩૧૫ની ભાષાનો નમુનો આવો બતાવે છે:—

"ગામ કુકડીએ કર્યો ચોમાસો, સંવત તેરે પનરા માંયો"

તેમજ સંવત્ ૧૪૧૨ની ભાષા તરીકે ગૌતમરાસામાંથી આવા નમુના આપે છે:—

"પર પરવસના કાંઇ કરીજે, દેશ દેશાન્તર કાંઇ ભમીજે;
કવણ કાજે આયાસ કરો, પ્રહ ઉઠી ગોયમ સમરી જે.

કાજ સવે તતખિણુ તે સીઝે, નવનિધિ વિલસે તાસ ઘરે. ૫૭
ચઉદહસે બારોત્તર વરિસે, (ગોયમ ગણધર કેવળ દિવસે)
ખંભનયર પ્રભુપાસ પસાયે, કિયો કવિત ઉપગાર (કરો) પરો."

આમાં બ્લેક ટાઇપમાં લીધેલાં રૂપો એ કાળની ભાષામાં હોવાં શકય છે કે કેમ, તે એ લેખકો જાણતા હોય તો જૂની ભાષાના નમુના તરીકે આવાં વાકયો રજુ કરે નહિ.

લખવાની પેઠે લોકોચ્ચારના પ્રવાહમાં પડેલાં કાવ્યોની ભાષા કેટલી ફેરવાઇ જાય છે તે જોઇએ તો રાણકદેવીના દુહા કાઠિયાવાડમાં હમણાં બોલાય છે તેમાં અને જૂનાં પુસ્તકોમાં સંગ્રહાયેલા મળે છે તેમાં આ પ્રમાણે ફેર પડે છે.

લોકોચ્ચારમાં.

અમારા ગઢ હેઠ, કોણે તંબુ તાણિયા;
સધરો મોટો શેઠ, બીજા વર્તાઉ વાણિયા.
ગોઝારા ગિરનાર, વળામણ વેરીને થયો,
મરતાં રાખેંગાર, ખરેડી ખાંડો નવ થયો.
વારૂ શહેર વઢવાણ ભાગોળે ભોગાવો વહે;
(આટલા દિ) ભોગવતો ખેંગાર, (હવે)ભોગવ ભોગાવા ધણી.

જુનાં પુસ્તકોમાં.

રાણા સવ્વે વાણિયા, જેસલુ વડુહ સેઠ;
કાંહુ વણિજડુ માણ્ડિઉં, અમ્મીણા ગઢ હેઠિ.
તઈ ગઢુઆ ગિરનાર કાહૂ, મણિ મત્સરુ ધરિઉ;
મારીતાં ખંગાર, એકુ સિહરુ ન ઢાલિઉ.

વાટી તઉ વઢવાણુ, વીસારતાં ન વીસરઇ;
સોના સમા પરાણ, ભોગાવહ તઈ ભોગવઇ.

ચંદનમિલિયાગિરિની વાતમાં:—

* કિહાં ચંદન મલિયાગિરિ,	ક્યાં ચંદન મલીયાગરી,
કિહાં સાયર કિહાં નીર;	ક્યાં સાયર ક્યાં નીર;
જં જં પડઇ વિપત્તડી,	જ્યમ જ્યમ પડે વિપત્તડી,
તં તં સહઇ સરીર.	ત્યમ ત્યમ સહે શરીર.

ભડળીવાક્યના દોહરા ૫૦૦-૬૦૦ વર્ષ ઉપરના હોવા જોઇએ એ હરકોઇને કબુલ કરવું પડે તેવું છે. એ દોહરા હાલની ગુજરાતીમાં હોય તેવી રીતે લોકો બોલે છે, અને છપાયા છે તે પણ તેવાજ છે. એક બ્રાહ્મણ પાસેથી મને એની જૂની હસ્તલિખિત પ્રતિ+ મળી છે, તેમાંનો નમુનો આ પ્રમાણે છે.

"જઉ પુણ્ય દિણયર ઉગમણુઈ, શ્રાવણિ ગજ્જઇ મેહ;
સોલે પુહરે અંબરહ, મહીયલિ જલ રેહલેઈ ॥
જલચર જલ ઉપરિ ભમઇ, શ્રાવણ ઉચિ જોયંતિ;
પુહુર અઢાર મઝિ ધણુહ, જલ યલિઈ ફરેઈ ॥ ૨
સિંહ શુકલ શ્રાવણિ જઉ આવઇ, તુ જલહર મૂલિથુ જાઇ

---

* આ દોહરો ચામાંથી ઉતારી લીધો છે તે મારા સ્મરણમાં નથી.

+આ પ્રતિનાં આગળ પાછળનાં પાન તૂટક હોવાથી લખ્યા સાલ મળી નથી. પ્રતિ ઘણી અશુધ્ધ છે, એટલે ભાષાના નમુના તરીકે નહિ પણ ફેરવાએલાં વાક્યના મૂળ રૂપનું ભાન કરાવનારા નમુના તરીકે થોડાં વાક્ય આપું છું.

વરિસઇ મેહુ તુ અતિ વરસેઈ, આસો કાતિગ રેગ કરેઇ ॥ ૨૬
શ્રાવણુ ચૌદસિ અદ્દા ભદ્દા, તુ મણૂઆ કરિ બહુ આનિંદા;
મહીયલી નવિ નીપજ્યા કણીયા, અન્ન મા વેચસિ થઇસિ રમણીયા ॥
શ્રાવણુ માસિ અમાવસિ, જઇ નવિ વરસસિ મેહ;
તુ તૂં જાણે ભડલી, સર્જણુ ગયા સનેહ ॥
જઇ અજૂઆલી ભાદ્રવઇ, પંચમિ જલહત દેઈ,
તું જાંણેવૂં ભદ્રલિ, મેહજિ આવિઉ છેહ,॥
જઇ નવિ વુઠઉ અંબરહ, પુણુ ઉગિઉ અગત્થિ;
તાં જાણેવું ભદ્દલી, પુહવી નીર ન અત્થિ ॥
સતમિ ભદ્રેવઇ તણી, ભડલી નવિ વરસેહ;
ગજ વીજ ન બીજહ હઇ, કાલહ ગયુ ગણેઇ ॥ ૭૭
ભાદ્રવડઇ વડલા રમઇ, જજલાં નાહ કરંત;
તુ તૂં જાણે ભદ્દલિ, જલ જગિ ધાડઉ હુંતિ ॥"

તુલસીદાસ અને કબીરના દોહરા ગુજરાતીમાં રચાએલા ન હોવા જોઇએ એ દેખીતું છે, છતાં તે દોહરા ગુજરાતીમાં હોય તેવી રીતે લોકો બોલે છે.

ભાષાના નવા યુગમાં જૂની ભાષા લખતાં બોલતાં રૂપાંતર કરી લેવાય એ તદ્દન સ્વાભાવિક છે. નરસિંહ મહેતાનાં પદોનું તેવું રૂપાંતર થયું છે, ને એ રૂપાંતર થયું છે તેથીજ તે અત્યાર સુધી ચાલતાં રહ્યાં છે.

નરસિંહ મહેતાના કાળની ભાષા હાલની ભાષા જેવી હતી એમ માનીએ તો ભાલણ વગેરે નરસિંહ મહેતાની પહેલાંના અને ભીમ વગેરે નરસિંહ મહેતાની પછીના કવિઓનાં કાવ્યો જૂની

ભાષામાં લખેલાં મળે છે તેનું કારણ શું આપી શકાશે? નરસિંહ મહેતાની આગળપાછળના કવિઓ જૂની ગુજરાતીમાં કાવ્ય રચે ને નરસિંહ મહેતા વીસમા સૈકાની–નવી ગુજરાતીમાં કાવ્ય રચે એ શું બનવાજોગ છે?

સોળમા શતકની ભાષાના ખાત્રી ભર્યા સેંકડો પુરાવા વિદ્યમાન છે, છતાં તે બધા પૂરાવા બાજુપર મૂકીને બુદ્ધિથીજ વિચાર કરીએ કે નરસિંહ મહેતાના કાળની ભાષા હાલની ભાષા જેવીજ હતી તો નરસિંહ મહેતાના સમકાલિન કે પહેલાંના બ્રાહ્મણવર્ગના કવિઓનાં ઝાઝાં કાવ્ય મળતાં નથી એનું કારણ શું છે? ગુજરાતીભાષામાં કાવ્ય રચવાનું શું નરસિંહ મહેતાએજ શીખવ્યું? જે લોકોમાં જ્યોતિષ્, વ્યાકરણ, અને વૈદ્યક સુદ્ધાં પદ્યમાં રચવાનો પ્રઘાત પડી ગયો હતો, તે લોકોની લોકભાષા અને તે પણ કેટલાંક શતકોથી ચાલતી આવેલી લોકભાષામાં કાવ્ય રચવાનો કોઇને વિચારજ ન થાય એ શું બનવાજોગ છે? નરસિંહ મહેતાની પછીના કાળે સેંકડો કવિઓ થયા છે તેમ નરસિંહ મહેતાની પહેલાંના કાળે પણ ઘણા કવિઓ થયેલા હોવાજ જોઇએ. જો નરસિંહ મહેતાના કાળની ભાષા હાલની ભાષા જેવી હોત તો એમાંના ઘણા કવિઓનાં કાવ્ય આપણા વખત સુધી અવશ્ય જળવાઈ રહ્યાં હોત. તેમ થયું નથી એ બતાવી આપે છે કે વચ્ચે કોઇ એવી ગળણી આવી ગઇ છે કે જેમાંથી ગળાઇ આવવાનું ઘણાઓથી બની શક્યું નથી.

આ ગળણી તે ભાષાનો નવો અવતાર છે. સત્તરમા શતકમાં ભાષા નવું રૂપ પામી તે વખતે જૂના જે કવિઓનાં કાવ્ય અનાયાસે રૂપાં-

તર પામી જાય એવાં સાદાં ને સરળ હતાં તે કાવ્ય લોકોમાં ચાલતાં રહ્યાં અને જે કાવ્યો કઠણ શબ્દોને લીધે દુર્બોધ્ય અને રૂપાંતર થઇ શકે તેવાં નહિ હતાં તે પેઢી દર પેઢી ખળાતાં ખળાતાં લુપ્ત-પ્રાય થતાં ગયાં. નરસિંહ મહેતાનાં કાવ્ય સરળ હોવાથી તે સહજમાં રૂપાંતર પામી ગયાં, તેની રસિકતા અને નરસિંહ મહેતાની ભક્ત તરીકેની ખ્યાતિએ એ કાવ્યોનો વગ વધાર્યો અને સત્તરમા શતકમાં ગુજરાતમાં ફેલાયલા વલ્લભી સંપ્રદાયે શૃંગારભક્તિનાં કાવ્યો માટે લોકમત બહુ અનુકૂળ કરી આપ્યો એથી ભાલણ ભીમ જેવા રસિક કવિઓનાં કાવ્યો કરતાં પણ નરસિંહ મહેતાનાં પદો લોકોમાં વધારે પ્રચલિત રહ્યાં.

સોલમા શતકની ભાષાને સત્તરમા કે અઢારમા શતકની ભાષામાં ફેરવાઇ જવાનું જેટલું અનુકૂળ હતું, તેટલું પંદરમા કે ચૌદમા શતકની ભાષાને અનુકૂળ નહોતું. એ શતકોમાં તેની ઉપરનાં શતકોની રજપુતરાજ્યકાળની સંસ્કૃતિની છાયા જળવાઇ રહી હતી. એકલાં ઇકાર ઉકારવાળાં રૂપોજ નહિ પણ અપભ્રંશ ભાષાના ભાવ પ્રપૂરિત શબ્દો પણ એ કાલે પ્રચલિત હતા. લખવા વાંચવાના વલણ માત્રથી વગર પ્રયાસે નવી ગુજરાતીનું રૂપ લઇ લે એવી એ ભાષા નહોતી. અંધકાર યુગનાં નવાં શતક ઉતરતાં ગયાં તેમ તેમ એ ભાષા વધારે વધારે દુર્બોધ્ય લાગતી ને તજાતી ગઇ. વીસમા શતકના વાંચનારાઓને ચૌદમા શતકનાં કાવ્યો મળતાં નથી તેનું કારણ આ છે.

સમયનો વિચાર કરીએ તો નરસિંહ મહેતાના કાળ અને હાલના કાળ વચ્ચે લગભગ ૪૫૦ વર્ષનું અંતર છે. આટલા લાંબા વખત સુધી એક પ્રજાની ભાષા, અને તે પણ જે પ્રજા ઘણા અનિષ્ઠ સ્થિત્યંત-

રોમાંથી પસાર થઇ છે તે પ્રજાની ભાષા એક સરખી ચાલતી રહે એ શું બનવાજોગ છે? હરકોઇ પ્રજા અજ્ઞાનાવસ્થામાંથી પસાર થતી હોય છે તે વખતે તેની ભાષાનું અશુદ્ધ રૂપાંતર થવાનું કામ બહુ ઝપાટાબંધ ચાલતું રહે છે. આવી વખતે એ પ્રજાની ભાષા ઉપર વ્યાકરણ કે કોષનું નિયમન હોતું નથી, તેમ શિષ્ટજનોનાં આદર્શરૂપ વાક્યો પણ તેમને અલભ્ય થઇ પડે છે. 'બીજા બોલતા હોય તેમ બોલવું,' એ એકજ ધોરણ ઉપર તેમને દોરવાવાનું હોય છે. અમદાવાદના સુલતાનોના અમલમાં ગુજરાતી પ્રજા આ સ્થિતિમાં હતી. ઉત્તર ગુજરાતમાં મુસલમાનોનું જોર વધી પડવાથી ત્યાંનાં ભરચક વસ્તીવાળાં ગામ ભાગી ભાગીને લોકો સુરત ભરૂચના દૂરના પ્રદેશમાં નાસતા હતા. પછી પાછાં જુનાગઢ અને ચાંપાનેર પણ તૂટયાં ને ગુજરાત કાઠિયાવાડમાં સર્વ સ્થળે નાસભાગ ચાલી. પોતાનો જીવ, પોતાનાં સગાંસંબંધીઓની આબરૂ, પોતાનો ધર્મ અને બની શકે તો પોતાની માલમીલકત સંભાળવી એજ દરેકના ચિંતનનો મુખ્ય વિષય થયો. શાસ્ત્રાભ્યાસ અને જ્ઞાન ઘરમાં પેસીને ગોખી રાખનારા સિવાય બીજાઓને માટે અલભ્ય થયું. આવા કાળમાં ભાષા જેવાનેતેવાજ રૂપમાં જળવાઈ રહે એ શું બનવાજોગ છે? એક પછી એક પેઢીઓ અભણ અવસ્થામાં પસાર થતી ગઈ તેમ તેમ ભાષા નવું નવું રૂપ પામતી ગઇ. સુલતાની રાજ્યકાળનાં ત્રણસેં વર્ષમાં ગુજરાતી ભાષાના બે અવતાર થયા તેનું કારણ આ છે. આ કારણને લીધેજ નરસિંહ મહેતાના કાળની ભાષા હાલની ભાષાનું પૂર્વ રૂપ–જૂની ગુજરાતીભાષા છે.

લિપિઃ—ગુજરાતીલિપિ ક્યારથી પ્રચારમાં આવી એ નક્કી કરવાને આપણા ભાષાશાસ્ત્રીઓએ કશો યત્ન કર્યો નથી. '**વિમલ પ્રબંધ**'માં લિપિઓની ગણના કરતાં કવિ ગુજરાતી લિપિ ગણાવે છે, એટલે સોળમા શતકમાં ગુજરાતીલિપિ લિપિઓની ગણનાઓમાં આવી ગઈ છે. આ જોતાં આ શતક પહેલાં કેટલાએક વખતથી તે ચાલતી આવેલી હોવી જોઇએ. એ સમય કેટલાં શતક આગળ વધારી શકાય એવું છે, તે નક્કી કરવાનું કશું સાધન નથી. ગુજરાતી ભાષામાં લખાએલ ચૌદમા શતક સુધીના લેખો આપણને મળી શકે છે, પણ છેક સત્તરમું શતક પૂરૂં થતા સુધી ગુજરાતી લિપિમાં લખાએલો કોઇ લેખ આપણે જોઈ શકતા નથી. સંસ્કૃત લખવાનો મહાવરો નહિ ધરાવનાર કોઇ લખનારે પોતાના ઉપયોગને માટે એકાદ પુસ્તક ઉતારી લીધું હોય, તો તે લખનારનો મરોડ જુદો જણાઇ આવ્યા વગર રહે નહિ. સંવત્ ૧૫૦૦ પછીનાં તેવા મરોડનાં કેટલાંક પાનાં મને મળ્યાં છે. એ પાનાં જોતાં એમ લાગે છે કે આ અક્ષરોને મા બાંધીને લખવાને બદલે આખી લિટિમાં લખ્યા હોત તો તેને ગુજરાતીલિપિ કહેવાને થોડાકજ અક્ષરોની નડતર રહેત. મને લાગે છે કે ગુજરાતીલિપિ પુસ્તકની લિપિ તરીકે તો સત્તરમા શતક પછીજ વપરાતી થઇ છે. તે પહેલાં તે વાણિયાના ચોપડાની લિપિ હતી, ને તેથી તે "**વાણિયાલિપિ**" એ નામ પામી હતી. ચોપડા ગુજરાતીલિપિમાં લખાય અને કથાવાર્તા નાગરીલિપિમાં લખાય, એ તે વખતની રૂઢિ હતી. સત્તરમા શતકમાં ગુજરાતીભાષાની પેઠે નાગરીલિપિમાં પણ ફેરફાર થયો છે. વિક્રમ સંવત્ ૧૬૦૦ સુધીના નાગરીલિપિમાં લખાયેલા

આ લેખ **પડીમાત્રાની** (પ્રતિમાત્રા) લિપિમાં છે. પડીમાત્રા એટલે અક્ષરની ઉપર માત્રા નહિ કરતાં ડાબી બાજુપર કરવી. 'કે' કરવો હોય તો के આમ નહિ કરતાં ॎक આ પ્રમાણે કરતા. को કરવો હોય તો ॎका આ પ્રમાણે એક કાનો ડાબી બાજુએ અને એક કાનો જમણી બાજુએ કરતા; कौ કરવું હોય તો ॎको જમણી ડાબી બાજુએ એક કાનો કરી માથા ઉપર એક માત્રા કરવામાં આવતી. એજ પ્રમાણે कै કરવી હોય તો ॎके ડાબી બાજુએ એક કાનો અને માથા ઉપર એક માત્રા એ પ્રમાણે કરવામાં આવતું. જૈનો પાસે આ કાળનાં ઘણાં પુસ્તક મળી આવતાં હોવાને લીધે ઘણા જણ એમ ધારે છે કે એ પડીમાત્રાની લિપિ તે જૈનોની લિપિ છે; પણ એ ધારણા પણ તદ્દન ખોટી છે. વિક્રમ સંવત્ ૧૬૦૦ પહેલાં વેદ, પુરાણ, કથા, વાર્તા, અને ગુજરાતીકાવ્યો સુદ્ધાં સર્વ એ પડીમાત્રાની લિપિમાં લખાતું હતું. સોળમાં શતક સુધીના શિલા-લેખો પણ એજ લિપિમાં છે. એ કાળની લિપિજ એ હતી.* નાગરી લિપિ ચાલતી થઇ ત્યારથી માત્રા એ પ્રમાણેજ લખાતી આવી હતી. જે પ્રતિ ઉપરથી આ પુસ્તક પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે, તે પ્રતિ પડીમાત્રામાં છે. સોળમું શતક પૂરું થતાં આ લિપિ બદલાય છે. “સંવત્ ૧૬૦૩ શાકે ૧૪૬૯ના પ્રથમ ચૈત્ર સુદ ૪ ને ગુરૂવારે

---

* ઇંડિયન એન્ટિકુઅરી કે ભાવનગર દરબારે પ્રસિદ્ધ કરેલા શિલાલેખોનાં પુસ્તકની પ્લેટો જોવાથી આ વાતની ખાત્રી થશે. મારી પાસે ઋગ્વેદ, સામવેદ, વૈદિક કર્મકાંડ, જયોતિષ, પુરાણ, કાવ્ય, વ્યાકરણ અને વાર્તાના વિષયોનાં બ્રાહ્મણોને હાથે પડી માત્રામાં લખાયેલાં પાનાં છે. જોવા ઈચ્છનાર હરકોઈ તે જોઇ શકશે.

"લઘુવાડી વાસ્તવ્ય પંડિત માહાબસુત નાનું પઠનાર્થં.' લખેલા 'જ્યોતિષ રત્નમાલા'ની ટીકાના મોટા પુસ્તકમાં ઘણે ઠેકાણે ઉપર માત્રા છે અને સંવત ૧૬૧૧ના મહા વદિ ૫ને સોમે લખાયલું 'ગણેશ ચતુર્થી વ્રતોદ્યાપન' એમાં કોઇ કોઇ ઠેકાણે પડીમાત્રા અને કોઇ કોઇ ઠેકાણે ઉપર માત્રા છે. સંવત ૧૬૨૦માં તિલકવાડાના 'ષટ્પદ (સાહોદરા) જ્ઞાતિય ભટ જનાર્દન સુત હરજિ'નું લખેલું "रिवोरिसंग नाम माहात्म्यं", એમાં બધી માત્રા ઉપર કરેલી છે. એ પહેલાંના કોઇ પુસ્તક કે પાનામાં બધી માત્રા ઉપર હોય એવું મારા જોવામાં આવ્યું નથી. સંવત ૧૬૦૦ પછીના પૂર્વાર્ધનાં પુસ્તકોમાં ઘણે ઠેકાણે પડીમાત્રા કરેલી જણાય છે, તેમ પંદરમા સોળમા શતકમાં લખાએલાં પુસ્તકોમાં કોઇ કોઇ ઠેકાણે એક માત્રા બાજુ પર કરવાને બદલે ઉપર કર્યો હોય એવા દાખલા પણ મળે છે. એથી એમ અનુમાન થાય છે કે પંદરમા સોલમા શતકમાં એક માત્રા બાજુપર કરવાને બદલે માથા પર કરવાનો ચાલ ચાલવા માંડયો અને સંવત ૧૬૦૦ પછી તે સર્વત્ર ચાલતો થયો. ગુજરાતમાં કાગળોની આયાત પહેલ વહેલી કુમારપાળના વખતમાં થઇ, તે પહેલાં તાડપત્ર ઉપર લખવામાં આવતું હતું. કાગળો આવતાં લખવાનાં સાધનની મુશ્કેલી ઓછી થઇ ગઇ એટલે ઉપર માત્રા કરતાં ઉપર નીચેની લિટિ વચ્ચે અંતર રાખવાનો સંકોચ ઓછો થઇ ગયો. ઉપરની લિટિમાં લખાયેલું હ્રસ્વ વરડુ, દીર્ઘ વરડુ, જોડાયેલું ઋ અને બીજા જોડાક્ષરોને લીધે ચાલતી લિટિની નીચેનો કેટલોક ભાગ રોકાણમાં આવી જાય. એ એક રોકાણ ઉપરાંત બધી માત્રા ઉપર કરવાની હોય તો નીચેની લિટિનું રોકાણ પણ નડે, અને બેવડાં રોકાણને માટે ઘણી જગા છોડવી પડે. માત્રા બાજુપર કરવા છતાં

પણ હ્રસ્વ દીર્ઘ ઈકારનું રોકાણ તો જેમનું તેમ રહેજ, પણ તે અનિવાર્ય હતું અને એક માત્રા જેટલો તેનો બહોળો ઉપયોગ પણ નહોતો. ઉપર ને બદલે બાજુપર માત્રા કરવાથી લખાણની સ્પષ્ટતા વધારે જળવાય અને તાડપત્રનું રોકાણ ઓછું થાય એ વિચાર બાજુપર માત્રા કરવાની પદ્ધતિના મૂળમાં હોય એ બનવાજોગ છે. તેમજ કાગળો આવતાં એ અડચણ દૂર થઇ ગયેલી લાગી હોય એ પણ બનવાજોગ છે. ગમે તેમ હો, આપણે જોવાનું છે તે એટલું છે કે સંવત્ ૧૬૦૦ સુધીની નાગરીલિપિ પડીમાત્રાની લિપિ હતી. જૂનાને વળગી રહેવા ઇચ્છનારાઓએ સં. ૧૬૦૦ પછી પણ કોઇ કોઇ પુસ્તકો પડીમાત્રામાં લખ્યાં છે અને કેટલાક જૈનોએ તો તેને પોતાની લિપિ માની લઇને બને તેટલું તેનું અનુસરણ હજુ સુધી ચાલતું રાખ્યું છે; પણ સામાન્ય નિયમ તરીકે હરકોઇ પુસ્તકની લિપિ જોઇને અનુમાન કરી શકાય કે આ પુસ્તક સત્તરમા શતક પહેલાં લખાએલું છે કે પછી.

જૂની ગુજરાતીના કાળે કેટલાક વર્ણો લખવા બોલવાની રૂઢિ હાલના કરતાં જરા જુદી હતી. 'य'નો ઉચ્ચાર 'ज' કરતા, એથી 'જીવ, જેણે, જો જો, જમણવાર, જગત્, વજ્ર,' એવા જકારવાળા બધા શબ્દોમાં 'જ'ને ઠેકાણે 'ય' લખતા. જૂની પ્રતિઓમાં લખાયેલા એવા શબ્દોને આપણે 'યીવ, યેણે, જોયો, યમણવાર, યગત, વયર' એમ વાંચીએ, પણ તે કાળના લોકો તો 'ય'નો ઉચ્ચાર 'જ' કરતા હોવાથી લખેલો 'ય' હોય પણ વાંચતી વખતે તો 'જ' જ વાંચતા. 'ष'નું પણ એજ પ્રમાણે છે. 'ख'ને ઠેકાણે છૂટથી 'ષ' લખવામાં આવતો હતો. ખાસ કરીને જ્યારે 'ક્'ને 'ખ' જોડવાનો

હો ત્યાં 'ख' આવો 'ખ' કરતા. 'ખાડ' લખવાનો હોય ત્યાં 'ષાડ' લખતા અને વાંચતી વખતે 'ખાડ' વાંચતા, 'આષાઢ, વિષ, સંતોષ' એવા શબ્દોમાં 'ષ' લખતા ખરા, પણ વાંચતી વખતે તેને 'અખાડ, વિખ, સંતોખ,' એમજ વાંચતા હતા. નવી ગુજરાતીના કાળે 'જ' ને ઠેકાણે 'ય' લખાતો બંધ થયો, ને 'જાત્રા, જુદ્ધ, જશ, જમના' વગેરે યકારવાળા બધા શબ્દોમાં 'જ' હંમેશ વપરાતો થઈ ગયો. ઉત્તર ગુજરાતમાં 'ષ'ને બદલે 'ખ'નો ઉચ્ચાર પણ ચાલતો રહ્યો છે. ઉત્તર હિંદુસ્તાનમાં 'જ' અને 'ખ' આપણા કરતાં બહુ વધારે છૂટથી વપરાય છેઃ ત્યાં તો સંસ્કૃત બોલતાં પણ 'ય' ને બદલે 'જ,' ને 'ષ' બદલે ને બદલે 'ખ' બોલે છે.

પ્રાકૃતમાં 'क्ष' ને સ્થાને 'ख' વપરાતો હતો, તે જૂની ગુજરાતીમાં પણ તેમજ વપરાતો ને 'ક્ષ' ને સ્થાને જરા જુદી રીતે 'ષ' એટલે 'ખ' લખવામાં આવતો. 'हु' અને 'जु' 'डु' અને 'दु', त्थ અને च्छ', व અને च વગેરે અક્ષરો હાલના વાંચનાર ભૂલાવો ખાય તેવા હોય છે. 'ध, थ, ને घ' બહુ મળતી રીતે લખવામાં આવતા ને 'ओ' ને સ્થાને 'ઉ' લખવામાં આવતું. આ 'ઉ' સામાન્ય 'ઉ' થી જરા જુદી રીતે લખાતું હતું. 'उ' આ પ્રમાણે 'ઉ' કરીને તેનું માથું લિપિની બહાર રાખવામાં આવતું હતું.

કોઈ શબ્દ બેવાર લખવાનો હોય તો તે બેવાર લખવાને બદલે એક વાર લખીને તેની પાસે બગડો કરવામાં આવતો. "ઠામ ઠામના વ્યવહારીઆ" એમ લખવાનું હોય તો "ઠામ ૨ ના વ્યવહારીઆ" એમ લખતા. નવી ગુજરાતીમાં આ રીત બંધ પડી છે, પણ

જૂની ગુજરાતી ભાષાનું ઐતિહાસિક જૈનકાવ્ય.

વિમલપ્રબંધ.

પાટણના મહારાજા ભીમદેવ (પહેલા)ના સેનાપતિ અને આબુનાં જગપ્રસિદ્ધ દેહરાં બંધાવનાર પોરવાડકુલતિલક વિમળશાહના ચરિત્રને અવલંબીને આ કાવ્ય રચાયું છે. સોળમા શતકની ગુજરાતી ભાષાના નમુના તરીકે આ પુસ્તક ખાસ ઉપયોગી છે.

વિવિધ વિષયો અને ઐતિહાસિક વિગતો આપતું તે એક રસિક કાવ્ય છે.

દરેક પાનાના ઉપરના અર્ધા ભાગમાં કાવ્ય અને નીચેના અર્ધા ભાગમાં તેના અર્થ આપ્યા છે, એટલે કાવ્ય તરીકે તેમજ રસિક વાર્તા તરીકે ગમે તે રીતે વાંચનારને તે રસિક થઈ પડે તેવું છે.

પુસ્તકનું કદ લગભગ ત્રીસ ફોર્મ-૪૮૦ પૃષ્ઠ જેટલું છે.

કીંમત ૧-૫-૦ ટપાલ- ખર્ચ બે આના.